*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## મદ્રાસના નૂતનજિનમંદિરમાં શ્રી મહાવીરસ્વામીની પાવન પધરામણી



( આવો પધારો શ્રી મહાવીર જિનરાજ,
મદ્રાસના ભક્તજનો સૌ વધાવે આજ. )

# બહેનશ્રીનાં વચનામૃત

* શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરી તે નૌકામાં બેસી ગયો તે તરી ગયો.

* આત્માને ઓળખી સ્વરૂપરમણતાની પ્રાપ્તિ કરવી તે જ પ્રાયશ્ચિત છે.

* રાજાના દરબારમાં જવું હોય તો ફરતી ટહેલ નાખે, પછી એક વાર અંદર ઘૂસી જાય; તેમ સ્વરૂપ માટે દેવ-શાસ્ત્ર-ગુરુની સમપ્તિા રાખી અંદર જવાનું શીખે તો એક વાર નિજ ઘર જોઈ લે.

* જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે તેને ગમે તેવા પરિષહમાં આત્મા જ વિશેષ લાગે છે.

* કરવાનું તો એક જ છે-પરથી એકત્વ તોડવું. પર સાથે તન્મયતા તોડવી તે જ કરવાનું છે. અનાદિ અભ્યાસ છે તેથી જીવ પર સાથે એકાકાર થઈ જાય છે. પૂજ્ય ગુરુદેવ માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે. હવે જીવે પોતે પુરુષાર્થ કરીને, પરથી જુદો આત્મા અનંત ગુણોથી ભરેલો છે તેમાંથી ગુણો પ્રગટ કરવાના છે.

* હે જીવ ! સુખ અંદરમાં છે, બહાર ક્યાં વ્યાકુળ થઈને ફાંફાં મારે છે? જેમ ઝાંઝવાંમાંથી કદી કોઈને જળ મળ્યું નથી તેમ બહાર સુખ છે જ નહિ.

* ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે. ગુરુ-આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે. કર્મજનિત વિભાવમાં જીવ દબાઈ રહ્યો છે. ગુરુની આજ્ઞાએ વર્તવાથી કર્મ સહેજે દબાય છે અને ગુણ પ્રગટે છે.

* જેમ કમળ કાદવ અને પાણીથી જુદું જ રહે છે તેમ તારું દ્રવ્ય, કર્મ વચ્ચે રહ્યું હોવા છતાં, કર્મથી જુદું જ છે; તે ગયા કાળે એકમેક નહોતું, વર્તમાનમાં નથી, ભવિષ્યમાં નહિ થાય. તારા દ્રવ્યનો એક પણ ગુણ પરમાં ભળી જતો નથી. આવું તારું દ્રવ્ય અત્યંત શુદ્ધ છે તેને તું ઓળખ. પોતાનું અસ્તિત્વ ઓળખતાં પરથી જુદાપણું જણાય જ છે.

[ અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર જુઓ ]

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૫
અંક ૫




વીર
સંવત
૨૫૦૪
A. D. 1978
APRIL

# પ્રત્યેક પરિણામનો કર્તા પરિણામી દ્રવ્ય

આ એક શ્લોકમાં આચાર્યદેવે સિદ્ધાંત સમજાવ્યો છે કે પ્રત્યેક દ્રવ્યના પરિણામ તે જ કાર્ય છે, તે પરિણામ પોતાના પરિણામીના આશ્રયે જ હોય. વળી તે કાર્ય કર્તા વિના હોતું નથી તેથી તે કાર્યનો કર્તા પરિણામી પોતે જ છે. અજ્ઞાનીને એમ લાગે કે અગ્નિના કારણે પાણી ઠંડી અવસ્થા છોડીને ઉષ્ણ થયું. પરંતુ તેમ નથી, કેમ કે પ્રત્યેક દ્રવ્યની અવસ્થા એકરૂપ રહેતી નથી. તેથી ઠંડી અવસ્થા બીજે સમયે ઉષ્ણરૂપે થઈ તે તેનો જન્મક્ષણ હતો માટે ઉષ્ણ થઈ છે. તેવી રીતે જ્ઞાનની હીણી પર્યાય કર્મના લઈને થઈ નથી પરંતુ અવસ્થા એકરૂપ ન રહેતી હોવાને કારણે જીવે કર્તા થઈને તે પરિણામ કર્યા છે.

( શ્રી કળશટીકા, કળશ ૨૧૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૮-૨-૭૮ )

ખરેખર પરિણમન છે તે નિશ્ચયથી કર્મ છે. પુદ્ગલના રજકણો જ્ઞાનાવરણાદિરૂપે

થાય છે તે પરિણામ તેનું કર્મ છે. રાગના પરિણામ જીવ કરે છે તે પરિણામ જીવનું કર્મ–કાર્ય છે. જે સમયે રાગાદિ થયા તે જ સમયે પુદ્ગલના પરિણામ કર્મરૂપે થયા તે પુદ્ગલનું કાર્ય છે, આત્માનું નહીં. ઈચ્છા કરી તે આત્માનું કાર્ય અથવા તો તેનું જ્ઞાન કરે તે આત્માનું કાર્ય છે. પરંતુ તે સમયે શરીરની ક્રિયા થાય તે આત્માનું કાર્ય નથી, તે પરમાણુનું કાર્ય છે. કોઈ પણ સમયે પરમાણુનું જે કર્મ થાય તે પરમાણુનું જ કાર્ય છે, તેનો કર્તા અન્ય દ્રવ્ય નથી.

દરેક પરિણામ તે તે દ્રવ્યનું કાર્ય છે. એ પરિણામના આશ્રયભૂત તે તે દ્રવ્ય છે. વિકારનો આશ્રય જીવ છે. જીવના આશ્રયે વિકાર થાય છે, કર્મના લઈને વિકાર થતો નથી. કેમ કે તે તે દ્રવ્યના આશ્રયે તે તે પરિણામ થાય છે. તે તે પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીના જ છે. વિકારના પરિણામ પરિણામી આત્માના આશ્રયે જ છે તથા ધર્મના પરિણામ પણ આત્માના આશ્રયે થાય છે. છ–પ્રકારના નિમિત્તથી જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય છે, તે જ્ઞાનાવરણાદિ કર્મ પુદ્ગલના આશ્રયે થાય છે.

અહીં વિકારના પરિણામને દ્રવ્યના આશ્રયે કહ્યાં છે. આત્મા આનંદસ્વરૂપ છે અને તેના આશ્રયે દુઃખ થાય એમ અહીં કહેવું છે. કેમ ?–કે એ પરિણામનો કર્તા પરદ્રવ્ય નથી તેથી તે પોતાના આશ્રયે થાય છે. ખરેખર તો દુઃખના પરિણામનો આશ્રય તે પરિણામ પોતે જ છે પણ અહીં પરદ્રવ્ય તેનો આશ્રય નથી માટે સ્વદ્રવ્ય પોતે વિકારનો આશ્રય છે તેમ કહેવું છે.

સાંભળતાં જે પરિણામ થાય એ પરિણામ આત્માના આશ્રયે છે, વાણીના આશ્રયે જ્ઞાનના પરિણામ થયા નથી. ભગવાનની પ્રતિમાના દર્શન થતાં જે શુભભાવ થાય તે આત્માના આશ્રયે થાય છે. ભગવાનની પ્રતિમાના આશ્રયે એ શુભ પરિણામ થતાં નથી. અને પરિણામ કર્તા વિના હોતા નથી. અહીં પરસત્તાનું અવલંબન નથી પણ પોતાની સત્તાનું અવલંબન છે એ ન્યાયે વિકારનો આશ્રય –અવલંબન આત્મા છે. દરેક પદાર્થના પરિણામમાં પરિણામ પોતે કાર્ય હોવા છતાં એ પરિણામ કર્તા વિના ન હોય.

લોકોને એમ લાગે કે અગ્નિ આવી માટે પાણી ગરમ થયું. પણ કહે છે કે ના, પહેલી ઠંડી અવસ્થા હતી તે બદલીને ગરમ થઈ કેમ કે વસ્તુની અવસ્થા એકરૂપ રહેતી નથી તેથી ઠંડામાંથી ગરમ અવસ્થા થઈ છે. લાકડીને કોઈ વાળે

છે તો એ શું થયું ?–કે એ કાર્ય છે, તે પોતાના દ્રવ્યના આશ્રયે છે. તેનો કર્તા તેનું દ્રવ્ય છે. એમ કેમ થયું ?–કે પદાર્થની અવસ્થા એકરૂપ રહેતી નથી તેથી લાકડી વળી છે. વસ્તુની સ્થિતિ એકરૂપ રહેતી નથી પણ ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે.

તે તે સમયના પરિણામ તે તે દ્રવ્યનું કાર્ય છે, તેના દ્રવ્યના આશ્રયે તે પરિણામ થયા છે ને તે દ્રવ્ય તેનો કર્તા છે તથા તે દ્રવ્યની અવસ્થા એકરૂપ રહેતી નથી તેથી બીજી અવસ્થા થઈ છે. તે બીજી અવસ્થા પરના લઈને થઈ જ નથી. ઘરે પરિણામ બીજા હતા ને મંદિરે આવતા બીજા પરિણામ થયા તેનું કારણ મંદિર છે ને ?–કે ના, પરિણામ એકરૂપ રહેતાં ન હોવાથી બીજા પરિણામ થયા છે, મંદિરના કારણે તે પરિણામ બિલકુલ થયા જ નથી. પરિણામની સ્થિતિ એકરૂપ રહેતી નથી તેથી અવસ્થા બદલે છે. નિમિત્તના લઈને અવસ્થા બદલે છે તેમ નથી. અવસ્થા પલટવાનો તે કાળ હતો માટે અવસ્થા પલટી છે. તેનો જન્મક્ષણ હતો માટે તે અવસ્થા ઉત્પન્ન થઈ છે.

–કે ના. જીવે દયાના ભાવ કર્યા ત્યારે શાતાવેદનીના કર્મ બંધાય ને ? ફોટો પાડે છે ત્યારે સામા પદાર્થને લઈને ફોટો પડે છે ને ?–કે ના, ફોટાના પરિણામની યોગ્યતાથી ફોટો તે રીતે થયો છે. બદલવાનો પોતાનો પરિણમન સ્વભાવ છે, નિમિત્તને આધીન પરિણામનું બદલવું થયું નથી, કેમ કે પરિણમનનો તે સ્વકાળ હોવાથી તે પરિણામ થાય છે, નિમિત્તને લઈને થયા નથી.

શાસ્ત્રોને પગે લાગે છે ત્યાં શાસ્ત્રના લઈને તે પરિણામ થયા નથી, પરિણામની તે સ્થિતિનો તે સ્વકાળ હોવાથી તે પરિણામ થયા છે. ખરેખર તો પર્યાયની તાકાતથી તે પર્યાય થઈ છે. પરના કારણે તે પરિણામ થયા છે તેમ નથી. પણ તે પરિણામનો જન્મક્ષણ હતો માટે થયા છે. રાગના પરિણામ સ્ત્રીને લઈને થયા છે કે શુભભાવના પરિણામ ભગવાનના દર્શનને લઈને થયા છે તેમ નથી.

એ રીતે વસ્તુ પોતે જ પોતાના પરિણામનો કર્તા છે એ સિદ્ધાંત છે. આ એક શ્લોક થયો પણ શ્લોકમાં તો કેટલું બધું ભર્યું છે. કેવળજ્ઞાનના પરિણામનો આશ્રય દ્રવ્ય છે, દ્રવ્યના–આત્માના લઈને કેવળજ્ઞાન થયું છે પણ કર્મના ખસવાથી કેવળજ્ઞાન થયું છે તેમ નથી. જ્ઞાનની હાનિ–વૃદ્ધિ જ્ઞાનાવરણીને લઈને થઈ જ નથી, કેમ કે જ્ઞાનનું વધવું ઘટવું તે કાર્ય છે, તેનો કર્તા જીવદ્રવ્ય છે, જ્ઞાનાવરણી તેનો કર્તા નથી –એવો સિદ્ધાંત છે. ❀ ❀ ❀

# મદ્રાસના પ્રાંગણમાં ઉજવાયેલો અભૂતપૂર્વ જિનબિંબ-પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ

જે માંગલિક મહોત્સવ ઉજવવાની આતુરતા અનેક મુમુક્ષુઓને ઘણા સમયથી હતી તે જિનબિંબ–પંચકલ્યાણક મહોત્સવના હર્ષોલ્લાસમાં અભિવૃદ્ધિ કરવા, સોનગઢથી સેંકડો માઈલ દૂર એવા મદ્રાસ શહેરમાં મહા વદ ૯, તા. ૩–૩–૭૮ ના રોજ બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન પધરામણી થતાં જયજયકારના હર્ષનાદ પૂર્વક તેઓશ્રીના આગમનને વધાવવામાં આવ્યું. બીજે દિવસે સવારે પ્રવચન પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી મહાવીર નગર (પ્રતિષ્ઠા મંડપ) માં બહેનોએ સ્વાગત ગીત દ્વારા તથા અહીંના પ્રમુખશ્રી શાંતિલાલ છગનલાલ શાહે સ્વાગત–વક્તવ્ય દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન પધરામણીને અભિવંદી હતી.

સ્વાગતવિધિ પૂરી થયા પછી, અધ્યાત્મતૃષાતુર શ્રોતાગણની તૃષા છીપાવવા, અમૃતવાણી વહેવરાવતાં પૂજ્ય ગુરુદેવશ્રીએ માંગલિકરૂપે ફરમાવ્યું કેઃ–

માંગલિક અર્થાત્ ‘મંગ ’ એટલે પવિત્રતા અને ‘લ’ એટલે પ્રાપ્તિ. આત્મા આનંદસ્વરૂપ છે તેના આનંદની પ્રાપ્તિ થવી તે માંગલિક છે. વસ્તુ આનંદ સ્વરૂપ છે પણ પર્યાયમાં તેની પ્રાપ્તિ થવી તે માંગલિક છે. ભગવાન આત્મા સચિદાનંદ સ્વરૂપ છે, સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે, તેની પર્યાયમાં પ્રાપ્તિ થવી તે મંગલ છે.

બીજો અર્થ : મમ્ અને ગલ. પુણ્ય–પાપનો રાગ તે હું ને તેનું ફળ તે હું એવો અહંકાર તે મમ્ અર્થાત્ વિપરીત અભિપ્રાય, તેનો નાશ તે ગલ એટલે કે તે મંગલ છે. પહેલો અર્થ અસ્તિથી છે આ બીજો અર્થ નાસ્તિથી છે કે મિથ્યાત્વનો નાશ તે મમ્+ગલ = મંગલ છે. શરીર આદિ જડ છે, નાશવાન છે તથા અંદરમાં જે હિંસા–જૂઠું આદિ છે તે પાપરૂપી વિકાર વાસના છે અને દયા–દાન આદિનો ભાવ છે તે પુણ્યરૂપી વિકારવાસના છે, ભગવાન આત્મા તેનાથી ભિન્ન છે.

જેમ નાળિયેરમાં ઉપરના છાલા, કાચલી અને રતાશથી ભિન્ન ધોળો મીઠો શ્રીફળનો ગોળો છે. એવી રીતે આત્મા કેવો છે તે ત્રણકાળ ત્રણલોકને જાણનાર સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે શરીરરૂપી છાલા, આઠકર્મરૂપી કાચલી તથા પુણ્ય–પાપના ભાવરૂપી રતાશથી આત્મા ભિન્ન છે. કેમ કે શરીર, કર્મ તથા પુણ્ય–પાપના ભાવ અચેતન છે ને આત્મા

ચેતનસ્વરૂપ છે. પુણ્ય–પાપના ભાવમાં જ્ઞાનનો અંશ નથી માટે અચેતન છે, તેનાથી ભિન્ન ચૈતન્યગોળો ભગવાન આત્મા છે. જેમ રતાશની પાછળ ધોળો મીઠો શ્રીફળનો ગોળો છે તેમ પુણ્ય–પાપના ભાવની પાછળ આનંદકંદ શુદ્ધ ચૈતન્યગોળો છે.

પ્રભુ! તું કોણ છે તેની તને ખબર નથી તેથી મિથ્યાત્વભાવથી અનંતા નરકના ભાવ કર્યા કે જેના એક સમયના દુઃખનું વર્ણન કરોડો ભવ ને કરોડો જીભથી ન થઈ શકે. પણ એ બધું તું ભુલી ગયો ભાઈ! અને અત્યારે પાંચ–પચ્ચીસ લાખ રૂપિયા મળ્યા ત્યાં.....પણ ભાઈ! સ્વર્ગમાં પણ અનંતવાર ગયો છે. ભગવાન તો કહે છે કે અનંતકાળે એકવાર મનુષ્યભવ મળે તોપણ અનંત મનુષ્યભવ મળ્યા, મનુષ્યભવ કરતાં અસંખ્યાત ગુણા ભવ નરકના કર્યા એટલે કે એક ભવ મનુષ્યનો ને અસંખ્ય ભવ નરકના એમ અસંખ્યાત અનંતભવ નરકના કર્યા. એવા એક નરકના ભવ કરતાં અસંખ્યાત ગુણા ભવ સ્વર્ગના કર્યા. એનો અર્થ શું? કે શુભભાવ કરીને સ્વર્ગમાં જાય એટલે કે સ્વર્ગમાં જાય એવા શુભભાવ તો અનંતવાર કર્યા પણ જન્મમરણને મટાડે એવું આત્મજ્ઞાન કદી ન કર્યું. અનાદિનો આત્મા કે જેનો અંત નથી તે ૮૪ લાખ યોનિમાં અનંતકાળથી રખડી રહ્યો છે. પૈસા મળ્યા, સ્વર્ગના ભવો મળ્યા, પણ અનંત ભવમાં એક આત્મા ન મળ્યો! એક સમયમાત્ર પણ અતીન્દ્રિય આનંદના નાથ પ્રભુનું આત્મજ્ઞાન ન કર્યું.

ભાઈ! તું કોણ છો ને કેવડો છે તેની તને ખબર નથી. જેમ લીંડીપીપરમાં ચોંસઠ પહોરી તીખાશ ને લીલાશ ભરી પડી છે તેમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ છે. કદે નાની હોવા છતાં લીંડીપીપરમાં ચોંસઠ પહોરી તીખાશ ભરી પડી છે તેમ શરીર પ્રમાણે આત્મા હોવા છતાં અતીન્દ્રિય આનંદનો કંદ છે. શુદ્ધ પવિત્ર આનંદનો કંદ પ્રભુ છે તે પૂર્ણ અતીન્દ્રિય આનંદથી ભર્યો પડયો છે. ઈન્દ્રિય આનંદ એ તો ઝેર છે પણ તેની પાછળ અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન આત્મા મૌજુદ છે, તેનું ભાન થતાં અતીન્દ્રિય આનંદનો નમૂનો સ્વાદમાં આવે છે તે સમ્યગ્દર્શન છે, તે ખરું માંગલિક છે, તેનાથી જન્મ–મરણનો અંત આવે છે, એ સિવાય જન્મ–મરણનો અંત આવતો નથી.

એ રીતે ભવતાપશામક પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મવાણીનું શ્રોતાગણ પાન કરતા હતા તે દરમિયાન તામિલનાડુ રાજયના નામદાર રાજયપાલ શ્રી પ્રભુદાસ પટવારી પણ પોતાની જિજ્ઞાસા છીપાવવા આવી પહોંચ્યા હતા. નામદારશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપદેશામૃતનો લગભગ અડધો કલાક લાભ લીધા બાદ, મદ્રાસના આંગણે આવા ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવમાં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ પધરામણીને વધાવતું ગુજરાતીમાં ભાષણ કરતાં કહ્યું કે :



'આપણા સદ્‌ભાગ્ય છે કે પૂજ્ય સ્વામીજી મદ્રાસને આંગણે પધાર્યા. તામિલનાડુ રાજ્યની પ્રજા, સરકાર અને મારા વતી હું તેમનું સ્વાગત કરું છું. પૂજ્ય સ્વામીજીએ ધર્મની ઘણી સેવા કરી છે તે સુવિદિત છે. તેઓશ્રી અને તેઓશ્રીના સાન્નિધ્યમાં અનેક જીવો સોનગઢમાં જે આત્મસાધના કરી રહ્યાં તે આપણને પ્રેરણાદાયક છે. તેઓશ્રીનાં પ્રેરણાદાયી પ્રવચનોથી આપણને જીવનમાં સન્માર્ગ સાંપડયો છે. મેં તેઓશ્રીના અનેક ગ્રંથોનું અધ્યયન પણ કર્યું છે. આ ઉંમરે પણ તેઓશ્રીના તરફથી આપણને પ્રેરણા મળી રહી છે તે આપણા સદ્‌ભાગ્ય છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તેમના જ્ઞાન ને અનુભવનો લાભ આપણને સદા મળતો રહે.'

ત્યાર બાદ પૂજ્ય ગુરુદેવશ્રીએ નામદાર ગવર્નરશ્રીને 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક ભેટ આપ્યું હતું. જૈન યુથ ફોરમ દ્વારા પ્રકાશિત અહીંની પ્રાદેશિક ભાષા ( તામિલભાષા ) નો અંક 'Mukkudai' ( –છત્ર ) પટાવારીજીના હસ્તે અનેક પ્રતિષ્ઠિત અગ્રગણ્ય મહાનુભવોને અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગ રાત્રે ટેલીવિઝનમાં સમાચારમાં દર્શાવવામાં આવ્યો હતો.



પૂજ્ય ગુરુદેવશ્રીના માંગલિક પ્રવચન પહેલાં એટલે કે મહા વદ ૧૦ ના સુપ્રભાતે ભવ્ય જુલૂસ પૂર્વક શ્રી મહાવીરસ્વામી તથા શ્રી નેમિનાથસ્વામીનાં પ્રતિષ્ઠિત જિનબિંબ પ્રતિષ્ઠાવેદીમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. તત્પશ્ચાત મહાવીર નગરના–પ્રતિષ્ઠા મંડપના પૂર્વાગ્ર ભાગમાં વીતરાગ જિનેન્દ્રધર્મની વિજયપતાકા ફરકાવવાતી ઝંડારોપણની મંગળ વિધિ, વીતરાગ જિનેન્દ્રધર્મપ્રભાવક પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન કરકમળે, પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવની આદ્ય શકુનવંતી બોલી લઈને, ભુપેન્દ્ર પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ (મદ્રાસ)વાળા શ્રી શાંતિલાલ ભાયાણીએ કરાવી હતી.

આ માંગલિક મહોત્સવના પ્રારંભમાં સવારે તથા બપોરે પ્રવચન પછી પંચપરમેષ્ઠી–મંડલવિધાન પૂજા તથા અભિષેક કરવામાં આવ્યા હતા. સવારે તથા બપોરે પ્રવચનમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ શ્રી સમયસાર–ગાથા ૧૭–૧૮ તથા ગાથા ૩૧ ઉપર પ્રવચન આપ્યું હતું, અહીંના તામિલ (મદ્રાસી) લોકો હિન્દી ભાષા બરાબર નહીં સમજી શકવા છતાં જૈન તથા જૈનેતર ભાઈઓ હોંશથી પ્રવચનમાં આવતા હતા, પ્રતિષ્ઠા મંડપમાં અંદાજે ત્રણ–હજાર શ્રોતાગણની ઉપસ્થિતિ જણાતી હતી.

બન્ને પ્રવચન દરમિયાન સેંકડો દિગંબર તામિલ લોકો હિન્દી ભાષા બરાબર નહીં સમજી શકવા છતાં મુગ્ધચિત્તે પ્રવચન સાંભળતા હતા. પ્રવચન બાદ પૂજ્યશ્રીની ઉપસ્થિતિમાં હિન્દી પંડિત શ્રી ભરતચક્રવર્તી જૈન ( શાસ્ત્રી, ન્યાયતીર્થ ) વિશેષ સમયના અભાવના કારણે ૧૦–૧૦ મિનિટ પ્રવચનનો સાર તામિલભાષામાં સમજાવતા હતા જેથી તે લોકોની તત્ત્વપિપાસા થોડી થોડી છીપાતી હતી. અહીંના તામિલભાષી દિગંબર સમાજને પૂજ્યશ્રી પ્રત્યે ઘણો ભક્તિભાવ જણાતો હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીનો નિવાસ શ્રી કાંતિભાઈ કામદારના બંગલે રાખવામાં આવ્યો હતો. નિવાસસ્થાન પહેલે માળે હોવાથી પૂજ્યશ્રીને પગથિયાં ન ચઢવા પડે તે હેતુએ થોડા દિવસ માટે ખાસ પ્રકારની લીફટ જેવી સગવડ ઊભી કરાઈ હતી. રાત્રે ૭ થી ૭–૪૫ પૂ. શ્રીની રાત્રિ ચર્ચા તેઓશ્રીના નિવાસસ્થાને રાખવામાં આવતી હતી. ચર્ચા બાદ પ્રતિષ્ઠા મંડપમાં વિદ્વાનોના પ્રવચન રાખવામાં આવતાં હતાં.

* ભગવાન શ્રી મહાવીરસ્વામી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવના વિધિનાયક શ્રી નેમિનાથ ભગવાન પ્તિા શ્રી સમુદ્રવિજય મહારાજ તથા માતા શિવાદેવી થવાનું સૌભાગ્ય દેહગામના રહીશ ( હાલ મુંબઈ ) શ્રી હીરાલાલ ભીખાઈ તથા અ સૌ. શાંતાબેન હીરાલાલ ભાઈને પ્રાપ્ત થયું હતું. સૌધર્મેન્દ્ર મદ્રાસના રહીશ શ્રી ધીરૂભાઈ ડી. સપાણી થયા હતા અને ઈશાન–ઇન્દ્ર મદ્રાસના રહીશ શ્રી મહેન્દ્રભાઈ પી. સપાણી થયા હતા. તદુપરાંત બીજા ચૌદ ઇન્દ્ર–ઇન્દ્રાણી અને કુબેર થવાનું સૌભાગ્ય મદ્રાસ મંડળના કેટલાક મુમુક્ષુઓને તથા બહારગામથી આવેલા કેટલાક મહેમાનોને પ્રાપ્ત થયું હતું. આ કલ્યાણકારી પંચકલ્યાણક પ્રતિષ્ઠા વિધિ ગ્વાલિયરના વિદ્વાન પ્રતિષ્ઠાચાર્ય શ્રી ધન્નાલાલજીએ કરાવી હતી.

*મહા વદ ૧૧ ના રોજ સવારે પ્રવચન પહેલાં, પંચકલ્યાણક પ્રતિષ્ઠાની બધી વિધિ જેમના દ્વારા કરવામાં આવે છે તે સોળ ઇન્દ્ર–ઇન્દ્રાણી થનારા સર્વેને પૂજ્ય ગુરુદેવે 'આચાર્ય–અનુજ્ઞા' રૂપે માંગલિક મંત્ર સુણાવીને મંગલ આશીર્વાદ આપ્યા હતા. એ રીતે તેઓની મંત્રવિધિથી 'ઇન્દ્રપ્રતિષ્ઠા' થઈ હતી.

સવારના પ્રવચન બાદ નાંદીવિધાનની ( પ્રતિષ્ઠામંડપમાં મંગલ કુંભસ્થાપનની ) પવિત્ર વિધિ પૂજ્ય બહેનશ્રીના શુભ કરકમળે થઈ હતી. પૂજ્ય બહેનશ્રીના પાવન મસ્તક પર અતીવ સુશોભિત નાંદીઘટ દેખીને મુમુક્ષુઓ અતિ પ્રમોદીત થયા હતા.

પૂજ્ય બહેનશ્રીના પવિત્ર કરકમળે કુંભસ્થાપન થયા બાદ શહેરની બજારમાં કેટલીક જીપગાડીઓ તથા મોટરગાડીઓ દ્વારા સૌધર્મ આદિ સોળ ઇન્દ્રો સાથે ભવ્ય ઇન્દ્રજુલૂસ



નીકળ્યું હતું, જેને દેખીને સાક્ષાત્ પંચકલ્યાણકો ઊજવવા ઇન્દ્રો સમૂહરૂપે કેવા ભક્તિભાવ પૂર્વક આવતા હશે તેનો તાદ્દશ ચિતાર હૃદયંગમ થતો હતો.

મહા વદ ૧૨ ના રોજ નિયત પ્રાતઃ કાર્યક્રમ બાદ ઇન્દ્ર–ઇન્દ્રાણીઓ દ્વારા શ્રી યાગમંડલવિધાન પૂજા તથા અભિષેક થયા હતા. બપોરે પ્રવચન બાદ મદ્રાસ શહેરનાં આંગણે અભૂતપૂર્વ જુલૂસ નીકળ્યું હતું કે જેમા હજારો ગુજરાતી તેમ જ તામિલભાષી નરનારીઓએ એકી સાથે આ ભવ્ય જળયાત્રામાં ઉમંગભર ભાગ લીધો હતો. આ ભવ્ય ઘટયાત્રાની વિશેષતા એ હતી કે ૧૦૮ સૌભાગ્યવતી તેમ જ કુમારિકા બહેનોએ પોતાના મસ્તક પર જળયુક્ત કળશ લેવાનો લાભ મેળવતાં તામિલભાષી બહેનો માટે ખાસ બીજા ૮૦ કળશોની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઘટયાત્રામાં તામિલભાષી દિગંબર સમાજના મુમુક્ષુઓની ઉપસ્થિતિ ઘણા વિશેષ પ્રમાણમાં જોવા મળી હતી, જેના ઉપરથી અહીંના તામિલ દિગંબર સમાજને પંચકલ્યાણક પ્રતિષ્ઠા ઉજવવાની કેટલી બધી ઉત્કંઠા છે તે સમજી શકાતું હતું.

આ ભવ્ય રથયાત્રા શહેરમાં જ્યાંથી પણ પસાર થતી ત્યાં ઠેરઠેર માનવસમુદાય

એકઠો થઈને વિસ્મયતાપૂર્વક આ રથયાત્રાની ભવ્યતાને નીરખતો હતો. આ ઘટયાત્રામાં એક રથ, બેન્ડ, પ્રાદેશિક શરણાઈ વાદનવૃંદ, ઘોડા, મોર આદિ કૃત્રિમશરીર રચનાવાળા નૃત્યકારો, ભજનભક્તિ કરાવતાં પંડિત શ્રી બાબુભાઈ (ફત્તેપુર) તથા ઘાટકોપર ભજન મંડળીની ટ્રક, છ–છ જીપ ગાડીઓ તેમ જ કેટલીક મોટર ગાડીઓ, ઠેરઠેર રસ્તામાં ઇન્દ્રો તેમ જ ઇન્દ્રાણીઓના નૃત્ય ગરબા તથા હજારો ભક્તો સહિતની આ જળયાત્રા જોઈને અન્ય લોકોને દિગંબર ધર્મ પ્રત્યે બહુમાન ઉપજે તેવું હતું.

રાત્રે વિધિનાયક શ્રી નેમિનાથ ભગવાનના ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયાનાં ભાવવાહી દ્રશ્યો બતાવવામાં આવ્યા હતાં. જયંત નામના અનુત્તર વિમાનમાં નેમિનાથનો જન્મ લેનાર અહમીન્દ્ર સાથે અન્ય અહમીન્દ્રોંની સૂક્ષ્મ તત્ત્વચર્ચા તથા નેમિનાથના જીવ દ્વારા સમ્યગ્દર્શનની અગાધ મહત્તાનું રસભર્યું વર્ણન; સૌધર્મેન્દ્રની સભામાં જયંત વિમાનના અહમીન્દ્રનું નેમિનાથ તરીકે જન્મ લેવાની ચર્ચા; મધ્યલોકમાં ભરતક્ષેત્રની દ્વારાવતી નગરીમાં જઈ તેને સુવર્ણ–રત્નમય બનાવવા ઇન્દ્રની કુબેરને આજ્ઞા; ગર્ભમાં આવવાને છ મહિના પહેલાં પ્રતિદિન રત્નવર્ષા; મધ્યલોકમાં દ્વારિકાનગરીમાં સમુદ્રવિજય મહારાજાની રાજસભા; રાજસભામાં અન્ય રાજાઓ દ્વારા ભેદવિજ્ઞાન સંબંધી આધ્યાત્મિક પ્રશ્નોના સમુદ્રવિજય મહારાજે આપેલા તથ્યસ્પર્શી ગંભીર ઉત્તર; સૌધર્મેન્દ્રની આજ્ઞાથી શ્રી હ્રી ધૃતિ, બુદ્ધિ, લક્ષ્મી વગેરે આઠ દિક્કુમારી દેવીઓને લઈને સમુદ્રવિજય મહારાજા તથા શિવાદેવી માતા પાસે આવવું; દિક્કુમારી દેવીઓનો માતાની સેવાનો નિયોગ તથા તેમની સાથે ગંભીર તત્ત્વચર્ચા તેમજ ૫૬ કુમારીકાઓની માતાજી સાથેનો ભાવવાહી વાર્તાલાપ વગેરે ભાવવાહી સુંદર દ્રશ્યો બતાવવામાં આવ્યાં હતાં.

દેવીઓ સાથે આત્મપ્રાપ્તિની ચર્ચા પછી માતાજી શયનખંડમાં પધારે છે, પાછલી રાત્રે તેમને ૧૬ ઉત્તમ શુભ સ્વપ્ન આવે છે ને છેલ્લે એક સુંદર શ્વેત વૃષભ મુખમાં પ્રવેશ કરતો હોય તેમ માતાજીને સ્વપ્નમાં દેખાય છે–આ પ્રમાણે ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયાના ભક્તિભાવભીનાં દ્રશ્યો જોઈને ગુજરાતી તથા તામિલભાષી વિશાળ જનસમુદાય આનંદિત થયો હતો. પંડિત શ્રી સિંહચંદ્ર જૈન શાસ્ત્રી કાવ્યતીર્થ દરેક પ્રસંગો તામિલભાષામાં સમજાવતાં હતાં.

* મહાવદ ૧૩ ના દિને પ્રાતઃ ગર્ભકલ્યાણકનો કાર્યક્રમ હતો. ઇન્દ્રસભા ભરવાનું રહસ્ય સ્ફોટ કરતાં સૌધર્મેન્દ્ર કહે છે કે બાવીસમાં તીર્થંકર શ્રી નેમિનાથ થનાર જયંત–અનુત્તર વિમાનનો અહમીન્દ્રનો જીવ શિવાદેવી માતાના ગર્ભમાં જઈ ચૂક્યો છે. તેની મંગળ વધાઈ દેવા સૌધર્મેન્દ્ર અન્ય ઇન્દ્રો સહિત સમુદ્રવિજય મહારાજના રાજદરબારમાં આવે છે ને મહારાજને તીર્થંકર પુત્ર પ્રાપ્તિની મંગલ વધાઈ આપે છે.

શ્રી શિવાદેવી માતાના મહેલમાં દિક્કુમારી દેવીઓ માતાને જગાડવાનું પ્રાતઃ ભક્તિગીત ગાય છે. માતા જાગીને પ્રથમ પંચપરમેષ્ઠી સ્મરણ કરી દેવીઓને પોતાને આવેલાં ૧૬ સ્વપ્નની વાત કરે છે ત્યારે ૮ દેવીઓ તથા ૫૬ કુમારીકાઓ માતાજી પાસે પોતાનો પ્રમોદ વ્યક્ત કરે છે. ત્યાર બાદ માતાજી કહે છે કે ચાલો આપણે રાજદરબારમાં જઈ મહારાજશ્રીને આ દરેક સ્વપ્નોનું ફળ પૂછીએ. સ્વપ્ન સાંભળીને મહારાજા સમુદ્રવિજય અત્યંત પ્રસન્ન થાય છે. આ દરેક સ્વપ્નોના શુભ ફળનું વર્ણન કરીને કહે છે કે બાવીસમાં તીર્થંકર શ્રી નેમિનાથના જીવને હે દેવી! આપે ગર્ભમાં ધારણ કર્યો છે. અતિ આનંદપ્રદ સ્વપ્નફળ સાંભળીને માતા આનંદવિભોર બની આખો દિવસ જિનાલયમાં જિનેન્દ્રભગવાનની ભક્તિપુજામાં વ્યતીત કરે છે. સમુદ્રવિજય મહારાજના રાજદરબારમાં બાવીસમાં તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાન માતાના ગર્ભમાં પધારતાં અતિ આનંદનું વાતાવરણ પ્રસરી જાય છે. એ રીતે ગર્ભકલ્યાણકનું ભાવવાહી દ્રશ્ય પૂરું થાય છે.

બપોરના પ્રવચન પછી નૂતન ભવ્ય જિનમંદિરનું તથા વેદી–કલશ–ધ્વજ વગેરેનું શુદ્ધિ–વિધાન ઇન્દ્ર–ઇન્દ્રાણીના હાથે થયું હતું. શુદ્ધિ–વિધાન પ્રસંગે સ્વસ્તિક વગેરે કેટલીક વિધિ પૂજ્ય બહેનશ્રીબેનના પાવન કરકમળે થતી નિહાળીને ભક્તજન હર્ષવિભોર થતાં હતા. જયનાદ તથા મંગલ ગીતોથી વિધિપ્રસંગ અત્યંત દપ્તિો હતો. રાત્રે ઘાટકોપરની ભજનમંડળી દ્વારા ‘રસ કથા પારસનાથકી’ –એ નામનું નાટક ભજવાયું હતું.

* મહા વદ ૧૪ ના દિને પ્રાતઃ શ્રી નેમિકુંવરના જન્મકલ્યાણકની મંગલ વિધિનો કાર્યક્રમ દર્શાવવામાં આવ્યો હતો.

સ્વર્ગલોકમાં મંગલ ઘંટનાદ થાય છે. ઇન્દ્ર અવધિજ્ઞાનથી જાણી લે છે કે ભરતક્ષેત્રમાં દ્વારિકાપુરીના મહારાજા સમુદ્રવિજયની મહારાણી શિવાદેવીની કૂખેથી બાવીસમાં તીર્થંકર શ્રી નેમિકુમારનો જન્મ થઈ ચૂક્યો છે. ઐરાવત હાથી ઉપર બેસી અગણીત દેવ–દેવીઓ સહિત સૌધર્મેન્દ્ર તથા શચી ઇન્દ્રાણી બાલતીર્થંકર શ્રી નેમિકુંવરના પાવન દર્શન તથા મેરુપર્વતની પાડુકશિલા પર જન્માભિષેક માટે સ્વર્ગમાંથી મધ્યલોક પર આવવા રવાના થાય છે.

તે જ સમયે પ્તિા શ્રી સમુદ્રવિજય મહારાજ રાજસભામાં દેશોદેશના અનેક રાજવીઓના સત્કાર ઝીલતા બિરાજમાન છે. ત્યાં અંતઃપુરનો ખાસ દૂત અતિ હર્ષજનક મંગલ વધાઈ લાવે છે કે મહારાણી શિવાદેવી માતાએ પુત્રરત્નને જન્મ આપ્યો છે. મંગળ સમાચાર સાંભળીને શ્રી સમુદ્રવિજય મહારાજ તથા સભાજનો અત્યંત આનંદિત થાય છે. ત્યાં જયજયકારના મંગલ નાદથી ગગન ગુંજાવતા ઇન્દ્રો અને દેવો ઐરાવત હાથી સહિત

દ્વારિકાપુરીના પ્રાંગણમાં આવી પહોચે છે. રાજસભામાં આવીને સમુદ્રવિજય મહારાજ તથા શિવાદેવી માતાના ‘સર્વોતમ શ્રેષ્ઠ માતા–પ્તિા’ તરીકે ગુણગાન કરીને તેમના સૌભાગ્યને અભિનંદતા થકા હર્ષાનંદ વ્યક્ત કરે છે. શચી ઇન્દ્રાણી અંતઃપુરમાં જઈ, માયામયી શિશુ માતા પાસે રાખી, બાલતીર્થંકર શ્રી નેમિકુમારને પોતાની ગોદમાં લઈ જન્માભિષેક માટે સૌધર્મેન્દ્રને સોપે છે.

સૌધર્મેન્દ્ર બાલતીર્થંકર શ્રી નેમિકુમારનું દેદીપ્યમાન અદ્ભૂત રૂપ નીરખીને તૃપ્ત થતાં નથી, તેથી હજાર નેત્રો કરી ફરીફરીને તે પાવન રૂપ જોયા જ કરે છે. એ પ્રમાણે જન્મકલ્યાણકની વિધિના આનંદકારી દ્રશ્યો દર્શાવ્યા પછી સુશોભિત ઐરાવત હાથી ઉપર શ્રી નેમિકુંવરને પોતાની ગોદમાં બેસાડી સૌધર્મેન્દ્ર સાતિશય ભવ્યતા યુક્ત જુલૂસ પૂર્વક શ્રી નેમિકુંવરને જન્માભિષેક માટે મેરુપર્વતની પાંડુકશિલા પર લઈ જાય છે.

જન્માભિષેકના આ ભવ્ય જુલૂસમાં આગલા દિવસ જેમ રથ, બેન્ડ, મોટરગાડીઓ હોવા ઉપરાંત હજારો ભક્તો આ જુલૂસમાં જોડાયા હતા. રસ્તામાં પૂજ્ય બહેનશ્રીબેને બાલતીર્થંકર શ્રી નેમિકુમાર સમક્ષ ચામર લઈને ખુબ જ ભક્તિ કરાવી હતી. જુલૂસ દરમિયાન આખે રસ્તે બ્હેનોએ ડાંડીયારાસ, ગરબા તેમ જ ભક્તિ કરી હતી તથા ઘાટકોપરની ભજન મંડળીના ભાવવાહી ભક્તિગાન સાથે પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાએ ખૂબ નૃત્ય કરીને અહીંના તામિલભાષી નગરજનોને આશ્ચર્યમુગ્ધ કર્યા હતા. જન્માભિષેક માટેના માયલેડી ગાર્ડનના મેદાનમાં પાંચથી સાત હજાર ભક્તગણની ઉપસ્થિતિ હતી, બાલતીર્થંકરના જન્માભિષેકનો અપૂર્વ લાભ ગુજરાતી ઉપરાંત તામિલ સમાજે ઘણાં ઉમંગપૂર્વક લીધો હતો. એ રીતે ૧૦૦૮ કળશ વડે બાલ નેમિકુમારનો જન્માભિષેક ખૂબ આનંદોલ્લાસ પૂર્વક થયો હતો.

જન્માભિષેકનો વરઘોડો દ્વારિકાનગરીમાં પાછો આવ્યા પછી સૌધર્મેન્દ્ર નેમિકુંવરને શચી મારફત શ્રી શિવાદેવી માતાને સોંપે છે ત્યાં ઇન્દ્ર તાંડવનૃત્ય દ્વારા નેમિકુમારના જન્મકલ્યાણકના હર્ષાનંદ વ્યક્ત કરે છે.

જન્માભિષેક દરમિયાન તામિલ દિગંબર સમાજના ઉલ્લાસ વિશે પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રી બાબુભાઈએ વાત કરતાં કહ્યું કે અહીંના પંડિતોએ ભાષણમાં કહ્યું હતું કે આવી પ્રતિષ્ઠા છેલ્લા ૧૦૦૦ વર્ષમાં મદ્રાસના આંગણે થઈ નથી તેમ જ ફરી ૧૦૦૦ વર્ષે પણ થશે નહીં. આવી અભૂતપૂર્વ પંચકલ્યાણક પ્રતિષ્ઠા અમને જોવા મળી છે વિગેરે ભાવભીના શબ્દો દ્વારા તામિલ સમાજ ખુબ જ પ્રમોદ વ્યક્ત કરતું હતું.

તામિલ સમાજના બીજા એક પંડિતે જણાવ્યું કે મદ્રાસ આજુબાજુના ઘણાં ખરા ગામોમાંથી તામિલ દિગંબર જૈનીઓ અહીં આવ્યા છે. લગભગ હજાર જેટલા બહારગામના મદ્રાસી મહેમાનો અહીં આવ્યા છે. તેઓને માટે જમવાની પણ અલગ વ્યવસ્થા રાખવામાં આવી હતી. પ્રવચન પછી તેમ જ પ્રતિષ્ઠાની દરેક વિધિ દરમિયાન સ્થાનીક પંડિતો તામિલભાષામાં સમજાવતાં હોવાથી તામિલ લોકોનો ઉત્સાહ વૃદ્ધિગત થતો હતો. પંચકલ્યાણકની વિધિના રાત્રીના કાર્યક્રમોમાં સાત હજાર જેટલો જનસમુદાય લાભ લેતા હતા.

બપોરે શ્રી સમયસારની ગાથા ૩૧ પર પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મરસ ઝરતા પ્રવચન પછી, બાલતીર્થંકર શ્રી નેમિકુમારના પારણા ઝૂલનની વિધિ થઈ હતી. હજારો પ્રેક્ષકોના સમૂહ સમક્ષ વિવિધરંગી વિધુત જ્યોતિઓથી સુશોભિત રજતનિર્મિત પારણે ઝૂલતાં નેમિકુમારનું મનોહર દ્રશ્ય અતીવ રોચક તથા આનંદકારી લાગતું હતું. બાલતીર્થંકર શ્રી નેમિકુમારનું પારણું ઝૂલાવવાનો અનેરો લ્હાવો લેવા માટે ભક્તોની ભીડ જામી હતી. પૂજ્ય બેનશ્રી ચંપાબેન પારણાની બાજૂમાં બેસીને શ્રી નેમિકુંવરને ટગટગ નીરખીને તેવા જ કોઈ પ્રસંગને તાદ્રશ્ય કરી રહ્યા હોય તેવી તેઓની મુખમુદ્રા દેખીને ભક્તોના ઉલ્લાસમાં વધારો થતો હતો.

પારણાઝૂલન દરમિયાન ભજનમંડળીએ ખૂબ ભક્તિ કરાવી હતી, તેમ જ પારણાઝૂલન બાદ તામિલ સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ તામિલભાષામાં લગભગ ૧ કલાક ભક્તિ કરાવી હતી, તામિલ ભક્તિગીતોની ધૂનથી, ભાષા નહીં સમજવા છતાં, હાજર રેહલા ગુજરાતી મુમુક્ષુઓને ખૂબ આનંદ થતો હતો.

દ્વારાવતીનગરીમાં યુવરાજ નેમિકુમારની હાજરીમાં સમુદ્રવિજય મહારાજનો રાજદરબાર ભરાયો હતો, જેમાં યુવરાજય નેમિકુમાર માટે દેશ–દેશાવરના રાજાઓ ઝર–ઝવેરાત તથા ભેટ સોગાદો લઈને પોતાની રાજકુમારીના કહેણ લઈને સમુદ્રવિજય મહારાજ પાસે આવતા હતા, તે દ્રશ્ય રાત્રે બતાવવામાં આવ્યું હતું. મંત્રીઓ સાથે વાતચીત કરીને જૂનાગઢ રાજયની રાજકન્યા રાજુલમતિના કહેણને સમુદ્રવિજય મહારાજ સ્વીકૃતિ આપે છે અને બીજા રાજવીઓનો સત્કાર કરીને જાન માટેની તૈયારી કરવાની આજ્ઞા આપીને રાજયસભા બરખાસ્ત કરે છે.

* મહા વદ અમાસના પ્રાતઃકાળે યુવરાજ નેમિકુમારની જાન જૂનાગઢ તરફ રવાના થાય છે, રસ્તામાં વાડામાં પૂરેલા રાંક પશુઓના ક્રંદનનો પુકાર યુવરાજ સાંભળે છે ને

સારથી પાસેથી તેનું કારણ જાણે છે. પશુઓને પૂરવાનો મૂળ આશય જાણીને યુવરાજ સંસારથી ઉદાસ થઈને વિચારમગ્ન થઈ જાય છે કે અરે! ધિક્કાર હો આ રાજ્યલક્ષ્મીને કે જેના મોહે પ્તિરાઈભાઈ પોતાના ભાઈ સાથે જ કપટ રચે છે! અરે! જેનો જન્મ થતાં સ્વર્ગમાંથી ઇન્દ્રો ઉત્સવ મનાવવા આવે છે એવા અમારે મન આ ચંચળ રાજ્યલક્ષ્મી તરણા સમાન છે એવું જાણનાર શ્રીકૃષ્ણને પણ જેના મોહે આ કુમતિ ઉપજી–એવી આ રાજ્યલક્ષ્મી ને સંસારના ભોગ–વિલાસ હવે અમને એક ક્ષણમાત્ર પણ ન જોઈએ. એમ વૈરાગ્યની સ્ફુરણા થતાં જ ત્રણ જ્ઞાનનાં ધારક યુવરાજને જાતિસ્મરણ થાય છે ને એકદમ ઉગ્ર વૈરાગ્યધારા ફૂટી નીકળે છે. અહા! ક્યાં પરણવા નીકળેલા યુવરાજ ને ક્યાં એની વૈરાગ્યભાવના! જાનૈયાઓમાં હાહાકાર મચી જાય છે કે આ યુવરાજને શું સૂઝયું? વડીલોને અમે શું મોઢું બતાવીશું! રાજુલમતિ ઉપર શું વીતશે?–પણ બે કાંઠે ઉમટી આવેલા ઘોડાપૂરને રોકવા કોણ સમર્થ છે? તેમ યુવરાજની વૈરાગ્યધારાને પાછી વાળવા કોણ સમર્થ હતું?

અતીવ વૈરાગ્યયુક્ત એવો આ પ્રસંગ ઘાટકોપરની ભજનમંડળીએ નાટક દ્વારા આબેહુબ રજુ કર્યો હતો કે જે જોતાં સમસ્ત જાનૈયાઓ તથા ભક્તજનોના હૃદય ગદ્ગદ્ થઈ ગયા હતાં. રાજુલમતિને આ વૈરાગ્યભર્યા સમાચાર મળતાં તેમના હૃદય પર શું વીતે છે?–તે ગાયન દ્વારા રમેશભાઈ (ભજનમંડળી) એ તથા સોનગઢના બ્રહ્મચારી સુશીબેને રજુ કરતાં સભાજનો ગંભીર બનીને વિચારતાં થઈ ગયા હતાં કે ત્રણ લોકના નાથ લગ્ન કરવા નીકળ્યા ને દીક્ષા લેવા તત્પર બની ગયા તો અમે પણ આત્મા જાગૃતિ પામવા અમારા વીર્યને ઉછાળીએ!

ઓ સાંવરીયા નેમિનાથ શાને ગયા ગીરનાર
ઓ તીનભવનકે નાથ શાને ગયા ગીરનાર
શું રે કુદરતમાં રચાયું શું રે થયો અપરાધ
રથડો વાળો કરૂણા ધારો લહું સંયમ તુમ સાથ
નાથ નીરાગી સ્વરૂપ મ્હાલી મુંનિદ્ર પદ ધરનાર
સહસાવનમેં જાકે સ્વામી શ્રેણીક્ષપક ચઢનાર
ધન્ય સુઅવસર મિલા સંયમકા ધરું સંયમ પ્રભુપાસ
યહ આભૂષણ મેરે અંગપર અબ ન સોહે લગાર
છોડું શણગાર બનું અર્જીકા રહું ચરણ સંત છાય.
પ્રભુ ગયા ગીરનાર

## "રાજુલ પોકાર"

### ( આવી રૂડી શરદ પુનમ એક રાત )

આવ્યા આવ્યા કેવા આ સંદેશ, રાજુલ છોડી વનમાં ગયા નેમિનાથ.
બાંધ્યા બાંધ્યાતા કોડે કરીને મીંઢોળ, આ સાહ્યબી સુની સુની લાગેર નેમિનાથ.
લીધા લીધા સહેસ્ત્રાવનના પંથ, અમોને એકલા મુકીને ગયા નેમિનાથ.
લેજો લેજો રાજુલને સંગાથ આતમ પંથે આવશું અમો નેમિનાથ.
તોડયો તોડયો ભવ ભવ નાતો આજ, અમોને એકલા રાખીને ગયા નેમિનાથ.
માન્યા માન્યા પ્રભુ તમને કંથ, મીંઢોળ કોઈના નવ હું બાધું નેમિનાથ.
આવું આવું સહેસ્ત્રાવનની વાટ, સંસાર પંથ ખારા રે થયા નેમિનાથ.
ચાલ્યા ચાલ્યા રાજેમતી નાર, અરજીકા પદ ધરી રે લીધા સતીએ આજ.
વંદુ વંદુ ભાવે નેમ પ્રભુ આજ, "કમલ" ક્ષતી દોષ કરજો માફ.

તીર્થંકર નેમિરાજના વિચારો જાણીને વૈરાગ્યની પુષ્ટિ અર્થે લૌકાંતિક દેવો આવીને પોતાનું અનુમોદન વ્યક્ત કરે છે. ત્યાર બાદ સ્વર્ગમાંથી ઇન્દ્રો આવીને યુવરાજ નેમિકુમારનો અભિષેક કરે છે. રાજુલમતિને વરવા નીકળેલા યુવરાજ મુક્તિસુંદરીને વરવા માટે તૈયાર થતાં, ઘણી ચર્ચા બાદ પ્રથમ ભૂમિગોચરી રાજાઓ પાલખી લે છે ને પછી વિધાધર રાજાઓ અને દેવો નેમિરાજની પાલખી લઈને સહસ્રામ્રવનમાં જાય છે, જ્યાં તેઓ યુવરાજ મટીને મુનિરાજ બને છે.

વૈરાગ્યપ્રેરક આખો પ્રસંગ આંખો સમક્ષ ભજવાતો દેખીને, જોનારનાં હૃદયોમાં પણ આવો અપૂર્વ અવસર અમને જલ્દી પ્રાપ્ત થજો તેમ ખૂબ ભાવના ઘુંટાતી હતી.

ત્યારબાદ એક ભવ્ય જુલૂસ દ્વારા યુવરાજ નેમિનાથની દીક્ષાયાત્રા નીકળી હતી. દીક્ષાવિધિ પૂર્ણ થયા બાદ પૂજ્ય ગુરુદેવનું વૈરાગ્યની સ્ફુરણા જગાવતું, ભાવભીનું પ્રવચન થયું હતું.

દીક્ષાવનમાં કુમાર નેમિનાથના મંગલ પ્રસંગે, વૈરાગ્યસુધાપિપાસુ ગુજરાતી–મદ્રાસી માનવ મહેરામણને વૈરાગ્યબોધક પ્રાસંગિક પ્રવચનમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે :–

ભગવાનને દીક્ષા લેતાં પહેલાં વૈરાગ્યભાવના થાય છે. ત્રણ જ્ઞાન સાથે જન્મે છે અને દીક્ષા લેતાં પહેલાં ૧૨ ભાવના ભાવે છે. પછી દીક્ષા લ્યે છે.

બાહ્ય અભ્યાંતર નિર્ગ્રંથદશા હું ક્યારે ભાવીશ?–એમ દીક્ષા પહેલાં અનંતા તીર્થંકરો વૈરાગ્યભાવના ભાવે છે. બાહ્યમાં કપડાનો કટકો નહીં ને અંતરમાં રાગનો અંશમાત્ર નહીં

એવી દશા ક્યારે ભાવીશ ?–એમ મુનિ થતાં પહેલાં ભાવના ભાવે છે અને સંસારથી છૂટવા મથતા સર્વે જીવોએ એ દશા પામવી પડશે. નિર્ગ્રંથદશા પહેલા આવી ભાવના ભાવે છે.

હું ભાવનિર્ગ્રંથ થઈ જાઉં, સર્વે ઇન્દ્રિયને જિતીને આનંદની લહેરમાં ક્યારે આવું ? ત્રણજ્ઞાન ને સમ્યગ્દર્શન લઈને આવ્યા છે ને મુક્તિ પણ નિશ્ચિત છે છતાં ભાવલિંગ દશા વિના મુક્તિ નથી તેથી તે દશાની ભાવના ભાવે છે કે સંયમની સાધના માટે દેહમાત્ર પરિગ્રહ હો પણ અન્ય કોઈ કારણે અન્ય કોઈ ચીજ અમારે હોય નહીં તથા દેહ હોવા છતાં દેહની મમત્વભાવના હો નહીં.

આ વૈરાગ્ય અંતરમાં વસી જાય છે. આખી દુનિયાથી ઉદાસ ઉદાસ થઈને ભાવનિર્ગ્રંથ થઈશ. દર્શનમોહના નાશપૂર્વક આત્મજ્ઞાન તો થયું છે તેથી હવે ભાવ નિર્ગ્રંથ દશાની ભાવના ભાવે છે, કે અસ્થિરતાનાં રાગને ક્ષીણ કરવા ચારિત્રને અંગીકાર કરું. અંદરમાં અતીન્દ્રિય આનંદના ફુવારા ભર્યા પડયા છે તેમાં એકાગ્ર થતાં ફુવારા છૂટે છે તેથી તેવી દશા ક્યારે કરું એમ નેમિરાજ મુનિ થતાં પહેલાં ભાવના ભાવે છે.

અંતરમાં ઝૂલતાં ઝૂલતાં મુક્તિદશા પાઉં એવી મુનિદશા મને ક્યારે પ્રાપ્ત થશે ? નિજસ્વભાવ હૃદયકમળમાં ખીલી જશે ને આનંદથી મારું હૃદય ખીલી ઉઠશે એવી મુનિદશા મને પ્રાપ્ત હો. યોગની જે પ્રવર્તના હો તે માત્ર સંયમ માટે હો. જ્યાં મનુષ્યનો પગરવ નથી એવા સ્મશાનમાં હું વિચરું અને વનમાં–પર્વતમાં સિંહના સંયોગમાં વિચરું છતાં આસન તો ચલે નહીં પણ મારું મન પણ ચલે નહીં એવી એકાગ્રતાપૂર્વક મારામાં સ્થિર થઈ જાઊં, હું વન ને પર્વતમાં રહેલાં વાઘ–સિંહને મિત્રનો સંયોગ સમજું કેમ કે દેહ મારે જોઈતું નથી ને વાઘ–સિંહ તે દેહ લઈ જનારા છે તેથી તે મારા મિત્ર છે. દેહથી એટલો નિર્મમત્વ થઈ જાઉં કે દેહ મારે જોઈતો ન હોવાથી તે લઈ જનારા વાઘ–સિંહ મારા મિત્ર સમાન છે.

વીતરાગી સ્વભાવમાં રમવાની વીતરાગદેવની આજ્ઞા છે. તેથી વીતરાગી દશા માટે મુનિ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીશ. અંતરમાં આનંદસ્વરૂપની એકાગ્રતાના પુરુષાર્થ વડે ક્ષણે–ક્ષણે વિકલ્પ છૂટતા જાય ને ૧૨ મું ગુણસ્થાન ક્યારે પામું ?–એવી મારી ભાવના છે. આત્મજ્ઞાન જ મને મોક્ષ પહોંચાડશે. હું તો મુનિપણું લઈને આનંદની દશા–મોક્ષમાર્ગની દશા ક્યારે નીભાવીશ ?–એમ મુનિ થયા પહેલાં ભાવના ભાવે છે અને મુનિ થયા પછી તો કેવળજ્ઞાનની ભાવના ભાવે છે.

( અનુસંધાન પૃષ્ઠ ૨૬ )

# આત્મસંસ્કાર

પ્રજ્ઞાછીણીનો કળશ કહ્યાં બાદ અનુભવના સંસ્કારની વાત આ કળશમાં કહી છે. શુદ્ધ સ્વરૂપના અનુભવવાળા જીવને એવા સંસ્કાર હોય છે કે હું શુદ્ધ ચૈતન્યમાત્ર જિનસ્વરૂપી જ્ઞાનાનંદમૂર્તિ છું. આવો અનુભવ કઈ રીતે થાય?–કે ચેતના ગુણના લક્ષણ વડે ચિન્હિત ભગવાન આત્મા અને અચેતનલક્ષણ રાગાદિ એમ બન્નેના ભિન્ન લક્ષણો વડે બેને ભિન્ન કરીને અભેદ એકરૂપ વસ્તુનો અનુભવ કરી શકાય છે. અનાદિ અજ્ઞાનથી અચેતન રાગાદિને પોતાના જાણીને તેમાં સ્વામીત્વ કરતો હતો તે સ્વામીત્વ છોડીને ચૈતન્યસ્વરૂપનું સ્વામીત્વ કરવાથી અનુભવ થાય છે.

[ શ્રી કળશટીકા, કળશ-૧૮૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી તા. ૧૧-૨-૭૮ ]

આ પ્રથમ સંસ્કાર એટલે કે અનુભવની વાત છે. જેને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે એટલે કે ત્રિકાળ શુદ્ધ ધ્રુવ સ્વરૂપની સન્મુખ થઈને શુદ્ધ સ્વરૂપને અનુસરીને પરિણામ થાય છે તે જીવ આવા સંસ્કારવાળો હોય છે. કેવા સંસ્કારવાળો હોય છે?–કે હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર છું. સમ્યગ્દર્શનનાં પરિણામમાં એમ થાય છે કે હું શુદ્ધ ચૈતન્યમાત્ર છું. હું શુદ્ધ ચિદ્માત્ર છું–એવો વિકલ્પ પણ ત્યાં નથી, પૂરણ પવિત્રભાવ તે હું છું.

જેમ શાકમાં સંસ્કાર નાખે છે તેમ આ આત્મામાં અનુભવના સંસ્કાર નાખે છે તેની વાત ચાલે છે. પ્રથમ અનુભવના સંસ્કાર કેવા હોય?–કે હું તો શુદ્ધ ચિદ્માત્ર છું, હું એક શુદ્ધ જ્ઞાન આનંદ વીતરાગ સ્વરૂપમાત્ર છું, જિનસ્વરૂપી હું છું, નિશ્ચયથી ખરેખર હું આવો જ છું–એમ અનુભવના સંસ્કાર નાખે છે.

આત્મા ચેતના ગુણના લક્ષણ વડે ચિન્હિત છે કે જેનો ભાગ નથી, જેમાં દ્વૈતપણું

નથી. ચૈતન્યસ્વરૂપ કે જે નિર્વિભાગ એકરૂપ વસ્તુ છે–એવો જેનો મહિમા છે. હું એકરૂપ છું એ મારી મહિમા અર્થાત્ મોટપ છે, એ મારી સર્વોત્કૃષ્ટતા છે. આવો અનુભવ જે રીતે થાય તે રીતે હવે કહેવામાં આવે છે.

જેટલી કર્મના ઉદયની ઉપાધિ છે એટલે કે જેટલા શુભાશુભ ભાવ છે તેને પોતાના જાણીને અજ્ઞાનથી અનુભવતો હતો, પર્યાયમાં રાગને અનુભવતો હતો તેને છેદીને એટલે કે તેને પરદ્રવ્ય જાણીને તેનું સ્વામીત્વપણું છોડી દીધું. ભગવાન ચેતનસ્વરૂપ, પૂરણસ્વભાવથી ભરેલો, નિર્વિભાગ એકરૂપ છે તેને ભૂલીને અનાદિથી રાગને પોતાનો અનુભવતો હતો તેને હવે પરદ્રવ્ય સમજીને સ્વામીત્વ છોડી દીધું, ચૈતન્ય જ્ઞાયકભાવ એકરૂપનું સ્વામીત્વ કર્યું ને રાગાદિભાવ છે તેનું સ્વામીત્વ છોડી દીધું, એ અનુભવની–સમ્યગ્દર્શનની રીત છે. રાગનો અનુભવ હતો તેનું ધણીપણું છોડી દીધું ને ચૈતન્યસ્વરૂપનું સ્વામીત્વ કર્યું એટલે કે ચૈતન્યસ્વરૂપ તે જ હું છું, –એમ સ્વામીત્વ કર્યું.

જે પરદ્રવ્યને પોતાના જાણતો હતો તે પરદ્રવ્ય કેવા છે?–કે જીવથી ભિન્ન કરી શકાય તેવા છે એટલે કે રાગાદિ પરદ્રવ્યને જીવથી દૂર કરી શકાય તેવા છે. કેમ કે બે વચ્ચે સંધિ છે, બે વચ્ચે એકપણું નથી પણ બેપણું છે, તેથી તેને દૂર કરી શકાય તેવા છે. પ્રથમ અનુભવના સંસ્કારમાં રાગને ભિન્ન કરી શકાય છે, કેમ કે તે ભિન્ન છે. ભિન્ન છે તેને દૂર કરી શકાય છે.

કઈ રીતે બે ભિન્ન કરી શકાય છે?–કે બન્નેના પોતપોતાના લક્ષણના બળ વડે બન્નેને ભિન્ન કરી શકાય છે. રાગનું લક્ષણ અચેતન છે ને આત્માનું લક્ષણ ચેતન છે. ભગવાન આત્માનો અનુભવ અતીન્દ્રિય આનંદના સ્વાદરૂપ છે ને રાગનો અનુભવ આકુળતા છે–એમ બન્નેના લક્ષણની ભિન્નતાની સહાયતાથી બન્ને જુદા પડી શકે છે. બન્ને જુદા છે તેને તેના જુદા જુદા લક્ષણની સહાયતાથી જુદા જાણી શકાય છે. ભગવાન આત્માનું લક્ષણ જાણનપ્રકાશ ને રાગનું લક્ષણ તેનાથી વિરુધ્ધ અચેતન–એમ બેના લક્ષણવડે જુદા પાડી શકાય છે. જો કાંઈ કરવાનું હોય તો આ જ છે.

આત્મા આત્માને આત્મા વડે આત્મામાં –એવા ભેદો વિકલ્પ દ્વારા વચનમાં પડી શકે તોપણ વસ્તુમાં એવા ભેદ નથી. આત્માને આત્મા વડે જાણે–એવો ભેદ પણ તેમાં નથી. ખરેખર તો કર્તા કર્મના આ ષટકારકો પર્યાયમાં છે, ધ્રુવમાં નથી પણ ઉપચારથી કથન છે. આત્મા આત્માને આત્મામાં આત્મા વડે એવા વિકલ્પ હો તો

હો પણ વસ્તુમાં એવા ભેદ નથી, કથનમાત્ર એવા ભેદ હો તો હો. એવી રીતે ઉત્પાદ વ્યય ને ધ્રુવ એવા ત્રણ ભેદ અથવા દ્રવ્ય–ગુણ–પર્યાય એવા ભેદ એ પણ વસ્તુમાં નથી ને નિર્વિકલ્પ અનુભવમાં પણ ભેદ નથી. વિકલ્પમાં કે વચનમાં એવા ભેદ હો તો હો પણ પ્રથમ અનુભવના કાળમાં એટલે કે સમ્યગ્દર્શનના કાળમાં આવો ભેદ પણ હોતો નથી.

એવી જ રીતે આ જ્ઞાન ગુણ, આ દર્શન ગુણ ઇત્યાદિ ગુણભેદ પણ વસ્તુમાં નથી. અનંતગુણના એકરૂપ ચૈતન્યસ્વરૂપમાં ગુણભેદ એ તો વચનનો વ્યવહાર છે, વસ્તુમાં ભેદ નથી. ષટકારકોના ભેદ કે દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ કે જ્ઞાન–દર્શન–આદિ ગુણભેદ તે વચનમાત્ર ભેદ છે પરંતુ ભગવાન ચૈતન્યની સત્તામાં કોઈપણ ભેદ નથી. આ અનુભવની વિધિ છે, સમ્યગ્દર્શનની આ વિધિ છે,–એ વિના બધું ફોગટ છે. વ્રત–તપ–ભક્તિ આદિનો રાગ તે બધો સંસાર છે.

વસ્તુમાં ગુણ–ગુણીના કે બીજા કાંઈ પણ ભેદ નથી. રાગ મારો એમ તો નથી પણ ષટકારકોના, ઉત્પાદ–વ્યય–ધ્રુવ કે ગુણ–ગુણીના ભેદનો વિકલ્પ પણ વસ્તુમાં નથી. આહાહા! અમૃતચંદ્રાચાર્યનો કોઈ પણ શ્લોક હો. અદ્‌ભૂત વાત છે. વસ્તુમાં કોઈ પણ ભેદ નથી તો છે શું?–કે એ તો નિર્વિકલ્પમાત્ર ચૈતન્યવસ્તુનું સત્ત્વ છે, જ્ઞાયક સત્ત્વ છે. કેવો છે ચૈતન્યભાવ?–કે વિભુ છે અર્થાત્ પોતાના સ્વરૂપમાં વ્યાપનારો છે. પોતાના વિશેષણોમાં વ્યાપનારો, ગુણોનો એકરૂપ વિભુ છે. પોતાના સ્વરૂપમાં વ્યાપનારો ચૈતન્યવિભુ છે, તે પર્યાયમાં આવતો નથી એવો નિર્ણય, એવો અનુભવ પર્યાયમાં છે પણ તે પર્યાયમાં વસ્તુ આવી નથી. અનુભવથી વસ્તુ ભિન્ન છે પણ અનુભવની દ્રષ્ટિમાં એકરૂપ વસ્તુ છે કે જે સર્વ કર્મની ઉપાધિથી રહિત છે. અનુભવના આવા સંસ્કાર તે એક માત્ર કર્તવ્ય છે.

## જાગૃત આત્માર્થી

જેમ જેના ઘરમાં સર્પ હોય તે પુરુષ સર્પને ઘરમાંથી દૂર કર્યા વિના સૂઈ શકતો નથી તેમ સંસારરૂપી વનને પાર ઉતરવા ઈચ્છતા પુરુષને દોષો દૂર કર્યા વિના ચેન પડતું નથી.

શ્રી ભગવતી આરાધના

# જ્ઞા...ન........ ગો...ષ્ઠી

( પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્‌ગારો )

* આત્મદ્રવ્ય, ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે. આ કથન વ્યવહારનયની પ્રધાનતાથી છે. આત્મામાં આવો યોગ્યતારૂપ એક ધર્મ છે. અહીં જ આગળ ક્રિયાકાંડ વડે જ્ઞાનકાંડ પ્રચંડ થયો તેમ કહ્યું છે અને શ્રી જયસેન–આચાર્યની ટીકામાં તો ઘણા ઠેકાણે વ્યવહાર વડે નિશ્ચય થાય તેમ આવે છે. પણ એ બધા વ્યવહારનયની પ્રધાનતાના કથનો છે ને આત્મામાં યોગ્યતા રૂપી એક ધર્મ છે. તેની સાથે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવો પણ એક નય છે. વ્રત–તપ આદિ કાયક્લેશ વિના રાગની ભિન્નતા કરી ક્ષણમાં કેવળજ્ઞાન થાય છે. આ વ્યવહાર–નિશ્ચય, અનુષ્ઠાનની પ્રધાનતાથી અને વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય છે તેવા બન્ને ધર્મો એક જ કાળે અને એક જ આત્મામાં હોય છે. નિશ્ચયથી સિદ્ધિ સધાય છે ત્યારે રાગની મંદતારૂપ ભાવ હોય છે તેમાં ઉપચાર આવે એવો એક ધર્મ આત્મામાં છે.

પ્રશ્નઃ– ભરતમહારાજે તપશ્ચરણ તો કાંઈ કર્યું ન હતું તો તેમને અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવો ધર્મ કેમ લાગુ પડે?

ઉત્તરઃ– ભરતમહારાજને પણ રાગની મંદતા થઈ હતી ને! એટલો વ્યવહાર હતો તેથી તેને ક્રિયાનય ગણાય છે. કષાયનો અભાવ થતાં પહેલા કષાયની મંદતારૂપ શુભભાવ હોય છે તે વ્યવહાર ગણાય છે. એમ તો રાગની મંદતા અનંત વાર થઈ હતી પણ જ્યારે કષાયનો અભાવ કરે છે ત્યારે રાગની મંદતાને વ્યવહારનો આરોપ આવે છે.

પ્રશ્નઃ– રાગથી ભિન્ન પડવાનો કાળ તો એક સમય માત્ર છે તો તેને ભેદજ્ઞાનનો અભ્યાસ કરતા કરતા ભિન્ન પડે છે તેમ કેમ કહ્યું છે?

ઉત્તરઃ– રાગ એક સમયનો જ છે તેનાથી ભિન્ન પડતા એક સમય જ થાય છે. પણ તે પહેલા રાગથી ભિન્ન પડવાનો વિકલ્પથી અભ્યાસ કરે છે તે વિકલ્પરૂપ ભેદજ્ઞાન છે, વ્યવહાર છે. ખરેખર રાગથી ભિન્ન પડવાનો કાળ એક સમયનો જ છે, બંધ પણ એક સમય છે ને બંધથી ભિન્ન થવાનો કાળ પણ એક સમય છે.

* ભગવાન સૂત્રકર્તા આચાર્યદેવ કહે છે કે અનેક પ્રકારના શુભ વિકલ્પો કરવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ થતી નથી. કાર્યસિદ્ધિ તો અનંત અનંત આનંદના સાગર

આત્મા તરફ જવાથી જ થાય છે, ત્યાં કેમ જતો નથી? અનેક પ્રકારના શુભ વિકલ્પોની ક્રિયામાં આગળ વધતો જાય છે તેમ સ્વાનુભવની કાર્યસિદ્ધિ કરવાથી ભ્રષ્ટ થાય છે. પહેલા આત્માનો નિર્ણય કરીને સ્વાનુભવનો પ્રયત્ન કરવો જોઈએ, એ ન કરતાં શુભ વિકલ્પમાં ને વિકલ્પમાં આગળ વધતો જાય છે તે સ્વાનુભવથી ભ્રષ્ટ થાય છે. અશુભમાં જવાની તો વાત છે જ નહિ. શ્રીમદ્ પણ કહે છે કે એકલું વાંચન કર્યા કરવાથી મનન શક્તિ ઘટે છે. તેમ એકલા શુભ વિકલ્પો ને ક્રિયાકાંડમાં વધતો જાય છે તેમ સ્વાનુભવથી ભ્રષ્ટ થતો જાય છે. સર્વ શાસ્ત્ર જાણવાનો સાર તો આત્માનો અનુભવ કરવો તે છે. બાર અંગમાં પણ આત્માનુભૂતિ કરવાનું કહ્યું છે.

પ્રશ્નઃ– શુદ્ધનિશ્ચયનયનો પક્ષ તો કરવો ને?

ઉત્તરઃ– પક્ષ કરવો એટલે શું? અનુભવમાં જતાં પહેલા એવો પક્ષ આવે છે કે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ છું. પુણ્ય–પાપ ભાવ તે હું નહિ–એવો વિકલ્પ સહિત નિર્ણય પહેલા આવે છે પણ એ મૂળ પરમાર્થ વસ્તુ નથી. પહેલા શુદ્ધ નિશ્ચયનયનો પક્ષ આવે છે, હોય છે પણ અંદર સ્વાનુભવથી નિર્ણય કરવો એ મૂળ વસ્તુ છે.

* આત્માના ભાન વિના ઘણા શાસ્ત્ર ભણે, વ્રતાદિ પાળે, દ્રવ્યચારિત્ર અંગીકાર કરે છે તોપણ તેનો મોક્ષ થતો નથી. જેમ સામાન્યજનો–ઈશ્વર કર્તૃત્વવાળા તાપસ આદિનો મોક્ષ થતો નથી તેમ ભલે તે જીવ છકાય જીવોની રક્ષા કરતો હોય તોપણ આત્માના ભાન વિના ગૃહીત મિથ્યાદ્રષ્ટિની જેમ પરનું અને રાગનું કર્તૃત્વ માનતો હોવાથી મોક્ષ પામતો નથી. આહાહા! અંતરદ્રષ્ટિનું તત્ત્વ બહુ અલૌકિક છે. અધ્યાત્મના અંતરની વાતો આકરી પડે એવી છે પણ વસ્તુનું સ્વરૂપ આમ જ છે.

* અહો! ભગવાનના વિરહ અહીં પડયા ને તત્ત્વની વિપરીત શ્રદ્ધા–આચરણવાળાને રોકનાર કોઈ રહ્યું નહિ. વસ્તુ અંતરની છે ને લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા! ભાઈ! અમે તો વસ્તુનું સ્વરૂપ જે સત્ય છે તે કહીએ છીએ, એથી વિપરીત શ્રદ્ધાવાળાને ન રુચે તો માફ કરજો. ભાઈ! વિપરીત શ્રદ્ધાના ફળ બહુ આકરા છે. તેથી તો શ્રી કુંદકુંદાચાર્યે કહ્યું છે કે અમારા દુશ્મનને પણ દ્રવ્યલિંગ ન હો! અમારે વ્યક્તિગત કોઈની સાથે વિરોધ નથી. તે બધા પણ દ્રવ્યસ્વભાવે તો પ્રભુ છે એથી દ્રવ્યે તો તેઓ સાધર્મી છે તેથી અમને સમભાવ છે.

* ભાઈ! બાપુ! આ ચોરાશીના અવતારમાં રખડતો રખડતો માંડમાંડ માણસનો ભવ મળ્યો, પણ બાવીશ ત્રેવીશ કલાક તો ખાવામાં પીવામાં કમાવામાં ને બાયડી

છોકરાને રાજી રાખવામાં એકલા પાપમાં જાય ને માંડ એકાદ કલાક કાંઈક સાંભળવામાં જાય. બાકી આખો દિવસ એકલા પાપ...પાપ....ને પાપના ધંધા કરે, જેમ એરણની ચોરી કરીને સોયનું દાન દયે તેના જેવું છે. એને કાંઈક અંદરથી ચોરાશીના અવતારનો ત્રાસ લાગે તો અંદરમાં વિસામાનું સ્થાન શોધે.

* શુદ્ધનિશ્ચયનયના બળથી વ્યવહારનયને હેય કહ્યો છે, તે હેયરૂપ વ્યવહારનયના વિષયમાં ઉદય આદિ ચાર ભાવો આવી જાય છે. ચૌદ જીવસ્થાનો અને ચૌદ માર્ગણાસ્થાનો અને ચૌદ ગુણસ્થાનો પણ આવી જાય છે. એ બધાને શુદ્ધ નિશ્ચયનયના બળથી હેય ગણવામાં આવે છે. અરે! સંસાર અને મોક્ષ એ બધી પર્યાયો હોવાથી ત્રિકાળી શુદ્ધ જીવ વસ્તુમાં તેનો અભાવ હોવાથી તેને વ્યવહાર જીવ ગણીને હેય કહ્યાં છે. આહાહા! ગજબ વાત કરી છે. નિમિત્તને તો પર સ્વભાવ ગણી પરદ્રવ્ય ગણીને હેય કહેવામાં આવે છે અને રાગને પણ પરસ્વભાવ ગણી પરદ્રવ્ય ગણીને હેય કહેવામાં આવે છે પણ અહીં નિયમસાર ગાથા ૫૦ માં તો નિર્મળ પર્યાયને પણ પરસ્વભાવ કહી પરદ્રવ્ય કહીને હેય કહી છે. આહાહા! આચાર્ય દેવે અંતરનાં મૂળ માખણની વાત ખુલ્લી કરી દીધી છે. નિર્મળ પર્યાય ઉપર લક્ષ જતાં વિકલ્પ ઊઠે છે, તેથી તેનું લક્ષ છોડાવવાના હેતુથી તેને પરસ્વભાવ ને પરદ્રવ્ય કહીને હેય કહી છે.

* સ્વદ્રવ્યને પરદ્રવ્યથી ભિન્ન ભિન્ન જુઓ. એમ શ્રીમદ્ રાજચંદ્ર કહે છે. દેહ મન –વાણી ને સ્ત્રી–પુત્રાદિ તો પરદ્રવ્ય હોવાથી ભિન્ન છે જ પણ દેવ–શાસ્ત્ર–ગુરુ એ પણ પરદ્રવ્ય હોવાથી તેનાથી આત્મા ભિન્ન છે તેમ જુઓ! એક દ્રવ્ય અન્ય દ્રવ્યને કાંઈ કરી શકતું નથી. દરેક દ્રવ્યનો સ્વભાવ ચમત્કારીક છે. એક રજકણ બીજા રજકણને કાંઈ કરી શકતું નથી. લાકડી હાથથી ઊંચી થઈ નથી કે પેનથી અક્ષર લખાયા નથી. કેમ કે એક દ્રવ્ય અન્ય દ્રવ્યથી જુદું છે. સ્વદ્રવ્યને અને પરદ્રવ્યને ભિન્ન ભિન્ન દેખવું એમાં દ્રવ્યની પ્રભુતા છે.

* સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાવ! શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે ભાઈ! તારા દ્રવ્યમાં અનંત આનંદના ખજાના ભર્યા છે, તે માલનો ગ્રાહક ત્વરાથી એટલે જલ્દીથી થા! જેમ મહેમાન ઘેર આવ્યા હોય ને કાંઈ ખાવા પીવાની વસ્તુ લેવા છોકરાને બહાર મોકલે ત્યારે તેનો બાપ કહે છે કે જલ્દી આવજે, ઉતાવળે આવજે, દોડીને આવજે, એમ અહીં કહે છે કે ભાઈ! તારી અંદર આનંદ ભર્યો છે તેનો ગ્રાહક ત્વરાથી એટલે જલ્દીથી થા! ઉતાવળો થઈને આનંદને લે, પ્રમાદ કરીશ નીહ, કાલે કરીશ તેમ વાયદો કરીશ નહિ પણ દોડીને, ઉતાવળો થઈને તારા આનંદને ગ્રહણ કરજે, ભોગવજે

તેમ કહે છે. સત્તર વર્ષની ઉમરે આમ કહ્યું છે. એમનો ક્ષયોપશમ ઘણો હતો. એ વખતે એમના જેવા બીજા કોઈ ન હતા.

* સમયસાર–સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનું માંગલિક કરતાં આચાર્યદેવ કહે છે કે આત્માનો દ્રવ્યસ્વભાવ શુદ્ધ શુદ્ધ છે એટલે કે ઘણો જ શુદ્ધ છે. કારણ કે પરદ્રવ્યથી ભિન્ન હોવાથી શુદ્ધ છે અને રાગથી પણ ભિન્ન હોવાથી શુદ્ધ છે. બંધ ને મોક્ષના વિકલ્પોથી દૂરીભૂત છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સમસ્ત પર્યાયોથી આત્મસ્વભાવ અત્યંત દૂર છે, ઘણો જ દૂર છે, તેથી આત્મસ્વભાવ શુદ્ધ શુદ્ધ છે.

* મિથ્યાદ્રષ્ટિ જીવ, વિકારનો કર્તા પુદ્ગલકર્મ આદિ નિમિત્ત છે તેમ માને છે. તેને કહે છે કે વિકારનો કર્તા પુદ્ગલકર્મ નથી પણ અજ્ઞાની જીવ પોતે જ વિકારનો કર્તા છે. બીજી બાજુ કહે કે સમ્યગ્દ્રષ્ટિ જીવ વિકારનો કર્તા નથી પણ પુદ્ગલકર્મ તેનો કર્તા છે. ત્યાં સમ્યગ્દ્રષ્ટિ વિકારનો સ્વામી ન હોવાથી અને વિકાર પુદ્ગલના લક્ષે થતો હોવાથી પુદ્ગલકર્મને તેનો કર્તા કહ્યું છે. વળી એમ પણ કહે છે કે સમ્યગ્દ્રષ્ટિ વિકારનો કર્તા પણ છે ત્યાં વિકારનું પરિણમન છે તે પોતાનું છે એથી પર્યાયના દોષનું જ્ઞાન કરાવવા કહ્યું છે. વળી કોઈ શાસ્ત્રમાં એમ પણ આવે છે કે વિકાર તે જીવનું એકલાનું કાર્ય નથી પણ જીવ અને કર્મ બન્ને ભેગા મળીને વિકાર થયો છે, જેમ પુત્રની ઉત્પત્તિ એ માતા–પ્તિા બન્નેનું કાર્ય છે. ત્યાં એમ કહેવું છે કે વિકાર જીવનો છે પણ તે કર્મના લક્ષે થયો છે–એમ ઉપદાન–નિમિત્તનું પ્રમાણજ્ઞાન કરાવવાનું કથન છે. જ્યાં જે અપેક્ષાથી કહ્યું હોય ત્યાં તેમ સમજવું જોઈએ.

* સમ્યગ્દ્રષ્ટિ એમ જાણે છે કે શુદ્ધ નિશ્ચયનયથી હું મોહ–રાગ–દ્વેષ રહિત શુદ્ધ છું. એથી સમ્યગ્દ્રષ્ટિને એમ હોતું નથી કે શુભ ને અશુભ બન્ને સરખા છે માટે અશુભ ભલે આવે? સમ્યગ્દ્રષ્ટિ અશુભથી છૂટવા વાંચન, શ્રવણ, વિચાર, ભક્તિ આદિ કરે છે. પ્રયત્નથી પણ અશુભ છોડી શુભ કરો એમ શાસ્ત્રમાં ઉપદેશ આવે છે. શુભ ને અશુભ પરમાર્થે સરખા છે તોપણ પોતાની ભૂમિકા પ્રમાણે અશુભ કરતાં શુભમાં રહેવાનો વિવેક હોય છે અને તેવો વિકલ્પ પણ આવે છે.

* સ્વસમય અને પરસમય સાથે વાદ–વિવાદ કરવાયોગ્ય નથી. તું તારા આત્માનો અનુભવ કર. પરની સાથે વાદ વિવાદમાં પડવા જેવું નથી. નિધાન પામીને નિજ વતનમાં જઈ ભોગવવા કહ્યું છે માટે પોતાની નિધિ પામી પોતે એકલા ભોગવવા જેવું છે.

* અરે બાપુ! ચોરાશીના અવતારમાં ભવ–

ભ્રમણના દુઃખો એ તારા મિથ્યાત્વભાવના લઈને છે. એને છેદવા પરિપૂર્ણ પ્રભુનો આશ્રય લેવાનો છે. એ પ્રભુનો તને વિશ્વાસ ન આવે-ભરોસો ન આવે તો ચોરાશીના અવતારમાં રખડવું પડશે

પ્રશ્નઃ– સમ્યક્ સન્મુખ જીવ તત્ત્વના વિચારમાં રાગને પોતાનો જાણે છે કે પુદ્ગલનો જાણે છે?

ઉત્તરઃ– સમ્યક્ સન્મુખ જીવ રાગ તે પોતાનો અપરાધ છે તેમ જાણે છે અને અંદર ઉતારવા માટે રાગ તે મારું સ્વરૂપ નથી, રાગ તે હું નથી તેમ જાણીને તેનું લક્ષ છોડી અંદરમાં ઉતરવાનો પ્રયત્ન કરે છે.

પ્રશ્નઃ– સ્વભાવ સન્મુખ થવા હું શુદ્ધ છું, જ્ઞાયક છું આદિ ચિંતવન કરતાં કરતાં એવો અપૂર્વ આનંદ આવે છે તે આનંદ અતીન્દ્રિય છે કે કષાયની મંદતાનો છે, તે કેમ ખ્યાલમાં આવે?

ઉત્તરઃ– ચિંતવનમાં કષાયની મંદતા ઘણી થતાં તેને આનંદ માની લ્યે તે ભ્રમ છે, ખરો અતીન્દ્રિય આનંદ નથી. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતાં રાગ ને જ્ઞાનની ભિન્નતા પ્રતીતમાં આવે છે. એ અતીન્દ્રિય આનંદનું શું કહેવું? અલૌકિક છે. ખરેખરી રુચિવાળા જીવને કષાયની મંદતામાં અતીન્દ્રિય આનંદનો ભ્રમ થતો નથી. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યા વિના તે ઝંપતો નથી.

પ્રશ્નઃ– જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે અને સમ્યક્ સન્મુખ જીવ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે, તે બન્નેની વિધિનો પ્રકાર એક જ છે કે કાંઈ ફેર છે?

ઉત્તરઃ– જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે તેને આત્માનું લક્ષ તો થયું છે. આત્મા લક્ષમાં છે અને તેમાં એકાગ્રતાનો વિશેષ પુરુષાર્થ કરતાં વિકલ્પ છૂટી નિર્વિકલ્પ થાય છે. સ્વસન્મુખજીવને તો હજુ આત્માનું લક્ષ થયું નથી. આત્મા લક્ષમાં આવ્યો નથી પણ જ્ઞાનમાં ઓઘે-ઓઘે ( ધારણાથી ) જાણ્યો છે, પ્રત્યક્ષ થયો નથી. વિકલ્પથી આત્માનું લક્ષ ઓઘે-ઓઘે થયું છે. તેને અંદર પુરુષાર્થ ઉગ્ર થતાં સવિકલ્પતા છુટીને નિર્વિકલ્પતા થાય છે. [ એ રીતે નિર્વિકલ્પ થવાની વિધિનો પ્રકાર એક હોવા છતાં જ્ઞાનીએ વેદનથી આત્મા જાણ્યો છે અને સ્વસન્મુખવાળાએ ઓઘે-ઓઘે-આનંદના વેદન વિના-આત્માને જાણ્યો છે. ]

પ્રશ્નઃ– વિકલ્પથી નિર્વિકલ્પ થવામાં સૂક્ષ્મ વિકલ્પ રોકે છે તેનું શું કરવું?

ઉત્તરઃ– નિર્વિકલ્પ થવામાં વિકલ્પ રોકતો નથી પણ અંદર ઢળવાયોગ્ય પુરુષાર્થ કરતો નથી તેથી વિકલ્પ તુટતો નથી. વિકલ્પને તોડવો નથી પડતો પણ સ્વરૂપમાં ઢળવાનો પુરુષાર્થ ઉગ્ર થતાં વિકલ્પ સહજ તુટી જાય છે.

* એક સમયની નિર્મળ પર્યાય જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે તેને

રત્નત્રય કહ્યું છે તો તેનું ફળ જે કેવળજ્ઞાન–પર્યાય તે મહારત્ન છે અને જ્ઞાનગુણની એક સમયની તે પર્યાય તે મહારત્ન છે તો તેવી અનંત અનંત પર્યાયનો ધરનાર જ્ઞાનગુણ તે મહારત્ન છે. એવા જ્ઞાનઆનંદ આદિ અનંતા ગુણોરૂપ મહામહા રત્નોનો ધરનાર આત્મદ્રવ્ય એ તો મહામહા રત્નોથી ભરેલો સાગર છે, એના મહિમાનું શું કહેવું? અહો! એનો મહિમા વચનાતીત છે. એ અપાર અપાર મહિમા અનુભવગમ્ય જ છે. આવા સ્વભાવનો વિશ્વાસ ને દૃષ્ટિ કરે તો ખબર પડે.

# * પોન્નુર-યાત્રા *

તા. ૧૩–૩–૭૮ ના સવારે પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે લગભગ ૮૦૦ થી ૧૦૦૦ યાત્રિકોએ પોન્નુરગિરિની યાત્રા કરીને સદેહે મહાવિદેહની યાત્રા કરનાર ધર્મધુરંધ મહાન આચાર્યભગવંત શ્રી કુંદકુંદદેવના ચરણચિહ્નના અભિષેક તથા દર્શનનો પાવન–કારી લાભ લીધો હતો. ભગવાન શ્રી સીમંધર સ્વામીના દર્શનના વિરહનો વિકલ્પ ઉઠતાં જે સ્થાનેથી મહાવિદેહક્ષેત્રની યાત્રા કરીને પાછા જે સ્થાને આવ્યા ને જ્યાં પરમાગમોની રચના કરી તે પાવન તપોભૂમિની યાત્રાનો સુઅવસર પ્રાપ્ત થતાં સમસ્ત ભવિકોના હૃદય અત્યંત હર્ષોલ્લાસ અનુભવતાં હતાં.

ચરણચિહ્નના દર્શન અને સમૂહ પૂજા કરીને પૂજ્ય ગુરુદેવશ્રીએ 'ધન્ય મુનિશ્વર આતમ હિતમેં'–એ મુનિભાવનાની ભક્તિ કરાવી હતી. ત્યાર બાદ પૂજ્ય બહેનશ્રીબેને 'આજે ગુરુજી મારા પોન્નુર પધાર્યા રે'–એ ભક્તિ કરાવી હતી. આ ભક્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેને ખાસ પોન્નુર–યાત્રા માટે પોતે બનાવીને ભક્તિ કરાવી હતી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ખૂબ ભાવવાહી ઉદ્ગારો દ્વારા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનું સ્મરણ કરતા કહ્યું કે : કુંદકુંદાચાર્ય અહીં ધ્યાન કરતાં હતાં. અંતરમાં ભગવાનના વિરહ લાગ્યા ને અહીંથી મહાવિદેહ ગયા. સમવસરણમાં ભગવાનની વાણી સાંભળી ને અહીં આવીને આ સ્થળે શ્રી સમયસાર આદિ પરમાગમોની રચના કરી.

અહીંથી જાણે કુંદકુંદાચાર્ય સાક્ષાત્ વિદેહક્ષેત્ર જઈ રહ્યા હોય એમ લાગે છે. અત્યારે આ પગલા રહી ગયા છે વિગેરે ઉદ્ગારો સાંભળતા ભક્તો પોતાને ધન્યપણે અનુભવી રહ્યાં હતાં. પૂજ્ય ગુરુદેવશ્રી સાથે પોન્નુરગિરિની યાત્રા કરી રહેલા ભક્તોની ભીડ દેખીને અહા! જાણે પૂજ્ય ગુરુદેવશ્રીના પગલે પગલે મુક્તિની વણઝાર ચાલી જતી હોય એમ લાગતું હતું. ભગવાન શ્રી સીમંધર સ્વામીના દરબારમાં શ્રી કુંદકુંદદેવના સાક્ષાત્ દર્શન કરનાર, શ્રી કુંદકુંદાચાર્યના પરમ ભક્ત પૂજ્ય ગુરુદેવશ્રીના કરકમળે આચાર્યદેવના ચરણચિહ્નના અભિષેકનો લાભ મુંબઈવાળા શ્રી શાંતિલાલ ચીમનલાલ ઝવેરીને મળ્યો હતો.

[ મદ્રાસના પ્રાંગણમાં..... અનુસંધાન પૃષ્ઠ ૧૬ થી ચાલુ ]

મન–વચન–કાયા વડે દુનિયા ઉપસર્ગ કરે તો તે હો તો હો પણ મને ઉપસર્ગથી ખેદ ન હો, કેમકે હું તો આનંદસ્વરૂપમાં રહેનારો છું. ચક્રી વંદે તોપણ મને માન ન હો. હાથીને હોદેથી નીચે ઊતરીને ચક્રી વંદે તોપણ મને માન ન હો.

મુનિદશા કે જેમાં દંતધોવન કે સ્નાનની ક્રિયા પણ નથી. કેમકે રાગ–દ્વેષને ધોઈ નાખ્યા છે તેથી બીજા કોઈ સ્નાનની અમારે જરૂર નથી. કેશ–નખ આદિમાં અમારે શૃંગાર ન હો એવા મુનિપણામાં આનંદની લહેર કરતાં કરતાં મનુષ્યભવની સફળતા કરીશું. શત્રુ હો કે મિત્ર હો પણ અમારે તો તે જ્ઞેય છે. શત્રુ–મિત્ર એ તો જ્ઞેય છે તેથી માથાનો કાપનાર હો કે ચંદનનો લેપ કરનાર હો, અમે તો સમદર્શી રહેશું.

બંધની દશા હો કે મોક્ષની દશા હો–અમે તો વીતરાગપણે તેને જાણીશું. સમયસાર ગાથા ૩૨૦માં કહ્યું છે કે ધર્મી તો ઉદયને તેમ જ બંધ–મોક્ષને જાણનાર છે. એ રીતે આત્મામાં લીનતા થતાં થતાં પર્યાયમાં જ્ઞાનસૂર્ય ઉદ્યોત પામશે. મોહરૂપી દરિયાને ઉલ્લંઘીને હું પાર કરીશ. હું તો ૧૨ માં ગુણસ્થાનની નીકટ થઈ જઈશ.–આવી ભાવના શ્રીમદ્ ગૃહસ્થાશ્રમમાં ભાવતાં હતાં.

મારું સ્વરૂપ અંદરમાં સર્વજ્ઞપણે જ છે પણ પર્યાયમાં પણ હું અવશ્ય સર્વજ્ઞપણું પામીશ અને કેવળજ્ઞાનની સાથે અનંત આનંદને પામીશ. તેથી દેહથી જે જન્મ ને મરણ થતાં હતાં તેનાથી રહિત થઈને અવિચળ પદ પામીને, અનંત આનંદ પામીને સાદિ અનંત અનંત કાળ સુધી અનંત અનંત સુખ પામીશ.

સર્વજ્ઞ ભગવાને જ્ઞાનમાં જે આત્મસ્વરૂપ જાણ્યું તે વાણીથી ન કહી શક્યા, કેમકે વાણી જડ ને આત્મા ચેતન, દુશ્મન–જડથી ચેતનના કેટલા ગુણગાન–વર્ણન કરી શકાય? તેથી એ આત્મસ્વરૂપને હું પ્રત્યક્ષ જાણી લઉં એવા પરમપદને હું ક્યારે પ્રાપ્ત કરીશ?

સમયસારનો સાર મને મળી જશે ને હું જીવન સફળ કરીશ, એવો અપૂર્વ અવસર હું પ્રાપ્ત કરું–એવી ભાવના નેમિરાજ મુનિ થતાં પહેલાં ભાવે છે.

એ રીતે દીક્ષાકલ્યાણકના વૈરાગ્યરસ ઝરતાં પ્રવચન પછી બપોરે ૧૨ાા વાગે પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન કરકમળે ૧૦૦૮ શ્રી મહાવીરસ્વામી વિગેરે જિનબિંબોની તથા શ્રી ગૌતમ ગણધરદેવ અને શ્રી કુંદકુંદાચાર્યદેવના ચરણચિહ્નની અંકન્યાસવિધિ થઈ હતી. બપોરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન બાદ ઘાટકોપર ભજનમંડળીએ 'દો વૈરાગીત રાજકુમાર'નામના નાટક દ્વારા લવ–કુશનો વૈરાગ્યમય પ્રસંગ રજુ કર્યા હતો.

રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમ તેમ જ વિદ્વાનોના પ્રવચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

* બીજે દિવસે ફાગણ સુદ ૨ ના રોજ શ્રી સમયસારની ૧૭–૧૮ ગાથા દ્વારા સમ્યગ્દર્શન પામવાની કળા સમજાવતા પૂજ્ય ગુરુદેવના પ્રવચન બાદ મુનિરાજ નેમિનાથને પ્રથમ આહારદાન દેનાર રાજા થવાનું સૌભાગ્ય મુંબઈવાળા શ્રી શાંતિલાલ ચીમનલાલ ઝવેરીને પ્રાપ્ત થયું હતુ. મુનિરાજના આહારદાનનો પ્રસંગ નજરે નિહાળતાં ભક્તજનોના હૈયે હરખ સમાતો નહતો.

તામિલનાડુ રાજયના નામદાર રાજયપાલ શ્રી પ્રભુદાસ પટવારી ધાર્મિક શ્રદ્ધાળુ છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેના ભક્તિભાવથી પૂજ્ય ગુરુદેવશ્રીને રાજયભવનમાં પધારવા વિનંતી કરી હોવાથી ફાગણ સુદ બીજના સવારે મુનિરાજશ્રી નેમિનાથના આહારદાનની વિધિ બાદ ૨૦–૨૫ આમંત્રિત મુખ્ય મહેમાનો સહિત પૂજ્ય ગુરુદેવશ્રી રાજ્યભવનમાં પધાર્યા હતા. પૂજ્યશ્રીના પધારવાથી નામદાર રાજયપાલશ્રી ખૂબ પ્રમોદિત થયા હતા. પૂજ્યશ્રી સાથે લગભગ અડધો કલાકની વાતચીત દરમ્યાન હર્ષપૂર્વક નામદારશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રીને કહ્યું કે :–

‘હું સોનગઢ આવી ગયો છું. આપના પધારવાથી બહુ આનંદ થયો. આપના જેવા સંત પુરુષનો લાભ અમને ક્યાંથી! અમદાવાદમાં મેં આપનું એક પ્રવચન સાંભળ્યું હતું.’ વધુમાં તેઓશ્રીએ પોતાની અહિંસાની ભાવના વિશે જણાવતા કહ્યું હતું કે ‘રાજયભવનના આ કમ્પાઉન્ડમાં માંસ, મચ્છી, મદીરા તેમ જ સીગરેટની સખત મનાઈ કરી દીધી છે. કોઈ પણ દેશના નેતાઓ અહીં આવે પણ શાકાહારી ભોજનની જ વ્યવસ્થા કરવામાં આવે છે. મને ધર્મની સેવા કરવાનો ઘણો રસ છે. હું સંત સમાગમનો પ્રયત્ન કરું છું આપશ્રી મદ્રાસ પધારવાના છો તે જાણીને મને ઘણો આનંદ થયો હતો.’ એ રીતે પોતાની ભાવના વ્યક્ત કરીને પૂજ્યશ્રીને વિનંતી કરી હતી કે ‘આપ મને ધર્મનું થોડું કહો’ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના જાતિ–સ્મરણ આદિ વિશેષતાનો પરિચય આપીને પૂજ્ય ગુરુદેવશ્રીએ કરુણાપૂર્વક ફરમાવ્યું કે : આત્મા સચ્ચિદાનંદકંદ છે, જેમ સકરકંદમાં ઉપરની લાલ છાલ કાઢી નાખો તો અંદર સાકરની મીઠાશનો કંદ છે તેમ રાગની છાલથી ભિન્ન અંદર ભગવાન આત્મા આનંદનો કંદ છે,–પણ આત્મજ્ઞાન કદી કર્યું નથી, સ્વસંવેદન કદી કર્યું નથી. આનંદકંદ આત્માનું સ્વસંવેદન કરવું તેનું નામ ધર્મ છે. જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી અર્થાત્ દયા–દાન આદિના વિકલ્પથી ભેદજ્ઞાન કરીને આત્માનો અનુભવ કરે ત્યારે ભવનો છેદ થાય છે. જન્મ–મરણના

અંતની આ વાત છે. હિન્દુસ્તાનની સાચી વિદ્યા આત્મવિદ્યા છે. તેની આ વાત છે. એ જ સાચી વિધા છે, બાકી બધું થોથા ( વ્યર્થ ) છે.

આ દેહ તો નાશવાન છે, નાશ થશે. આત્મા અવિનાશી છે, કોઈથી છેદાય નહીં એવો છે. તેની દૃષ્ટિ ન હોય, અનુભવ ન હોય ત્યાં સુધી ભવના અંત ન આવે, તેથી જેમ સકરકંદ સાકરની મીઠાશનો કંદ છે તેમ પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ છે –તેનો અનુભવ કરવો.

પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશ વચનામૃત સાંભળીને નામદારશ્રીએ ઘણો પ્રમોદ વ્યક્ત કરતાં કહ્યું કે મારે લાયક જે સેવા હોય તે જણાવશો, હું ધર્મની સેવા કરવા તત્પર છું. છેલ્લે પૂજ્ય ગુરુદેવશ્રીએ ડો. હુકમચંદજી લિખિત એક હિન્દી પુસ્તક નામદારશ્રીને ભેટ આપતાં નામદારશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રીના આશીર્વાદથી જીવનની સફળતા પ્રાર્થી હતી.

બપોરના શ્રી નેમિનાથસ્વામીને કેવળજ્ઞાન પ્રગટ થતાં ઘંટાનાદ થાય છે ને દેવો દ્વારા સમવસરણની રચના થાય છે. તે પ્રસંગ દર્શાવવામાં આવ્યો હતો. તેમ જ બપોરના પ્રવચન બાદ ઇન્દ્રો દ્વારા કેવળજ્ઞાનકલ્યાણકની પૂજા તથા ભક્તિ કરે છે તે પ્રસંગ પણ દર્શાવવામાં આવ્યા હતો.

બપોરના પ્રવચન બાદ શ્રી દિગંબર જૈન મહાસમિતિ દક્ષિણાંચલ તામિલનાડુ બેઠકનું પૂજ્ય ગુરુદેવશ્રીએ મંગલાચરણ દ્વારા આશીર્વાદ પૂર્વક ઉદ્‌ઘાટન કર્યું. મહાસમિતિની તામિલનાડુ બેઠકના અધ્યક્ષપદે શેઠ શ્રી લાલચંદ હીરાચંદ દોશી હતા તથા અતિથિવિશેષ તરીકે શેઠ શ્રી શ્રેંયાસપ્રસાદ શાહુજી અને ઉપાધ્યક્ષ તરીકે પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળા હતા. મહાસમિતિનો મૂળઉદેશ સમસ્ત દિગંબર જૈન સમાજની એકતાનું સંગઠન કરવાનું છે. મહાસમિતિનું બુલેટીન દક્ષિણના લોકો માટે અંગ્રેજીમાં પ્રકાશિત કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. તેમ જ દક્ષિણ માટે ઠેરઠેર નવા સદસ્યો બનાવવા માટે ૨૧ સભ્યોની એક સમિતિ રચીને આ બેઠક બરખાસ્ત કરવામાં આપી હતી.

ટૂંક સમયમાં તામિલભાષામાં આત્મધર્મ મદ્રાસથી પ્રકાશિત કરવાની ઘોષણા કરવામાં આવી જેના પ્રબંધ સંપાદક પંડિત શ્રી ભરતચક્રવર્તી જૈન શાસ્ત્રી ન્યાયતીર્થ રહેશે તથા વ્યવસ્થાપક શ્રી શાંતિભાઈ ભાયાણી રહેશે. પંડિત શ્રી બાબુલાલ ચુનીલાલ મહેતા, પંડિત શ્રી નેમીચંદજી પાટણી, પંડિત શ્રી ડો. હુકમચંદજી ભારિલ્લ, પંડિત શ્રી ભરતચક્રવર્તી જૈન તથા શ્રી શાંતિભાઈ ભાયાણી વ્યવસ્થા સમિતિના સભ્યો રહેશે.

રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઘાટકોપરની ભજનમંડળીએ ‘પૂર્વ સંસ્કાર ઔર વિદેહ ગમન’ નામના નાટક દ્વારા શ્રી કુંદકુંદાચાર્યદેવના પ્રસંગો રજુ કર્યા હતા.

ફાગણ સુદ ત્રીજના સવારે તીર્થંકર અરિહંત પરમાત્મા શ્રી નેમિનાથસ્વામી ગિરનારજીની પાંચમી ટૂંકેથી સિદ્ધપદને પામ્યા તે નિર્વાણકલ્યાણકની વિધિ બતાવવામાં આવી હતી. ત્યારબાદ પ્રતિષ્ઠા મંડપમાંથી જિનબિંબને જિનાલયમાં લઈ જવામાં આવ્યા હતા.

મૂળનાયક શ્રી મહાવીરસ્વામી, શ્રી સીમંધરસ્વામી આદિ જિનભગવંતોની સ્થાપના, જિનવાણી શ્રી સમયસારજી તથા શ્રી પ્રવચનસારજીની સ્થાપના તથા ભગવાન શ્રી ગૌતમ ગણધરદેવના તેમ જ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના ચરણચિહ્નની સ્થાપના હજારો ભક્તોના જયજયકાર પૂર્વક કરવામાં આવી હતી. મદ્રાસ શહેરમાં નવનિર્મિત મહાવીરસ્વામીના આ ભવ્ય જિનમંદિરમાં જિનભગવંતોની સ્થાપનાની આ મંગળ વિધિ દેખીને મુમુક્ષુઓનાં હૃદય ઉલ્લાસથી ઊછળી રહ્યાં હતાં.

નીચેની વેદીમાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી, શ્રી શાંતિનાથ સ્વામી, શ્રી ચંદ્રપ્રભુ સ્વામી તથા શ્રી નેમિનાથસ્વામીને બિરાજમાન કરવાની વિધિનો અણમૂલો લાભ અનુક્રમે શ્રી ભુપેન્દ્ર પ્લાસ્ટિકવાળા શ્રી શાંતિભાઈ ભાયાણી તથા તેમના ભાઈઓને, શ્રી કાંતિભાઈ કામદારને, શ્રી કાંતિભાઈ મોટાણીને તથા શ્રી શાંતિલાલ છગનલાલ શાહને મળ્યો હતો. ઉપરની વેદીમાં શ્રી સીમંધરસ્વામીને બિરાજમાન કરવાનો લાભ મદ્રાસવાળા ભાણજીભાઈ ભગવાનદાસને મળ્યો હતો. તેમ જ ચરણચિહ્નોની સ્થાપના કરવાનો લાભ શ્રી સુરેન્દ્રભાઈ તળાટીને તથા શ્રી જેઠાલાલ દેવરાજ નાયરોબીવાળાને મળ્યો હતો. મંદિરના શિખર ઉપર કળશ ચઢાવવાનો તથા ધ્વજ ફરકાવવાનો લાભ અનુક્રમે ભૂપેન્દ્ર પ્લાટીકવાળા ભાયાણી બ્રધર્સને તથા મુંબઈવાળા ચીમનલાલ હિંમતલાલ સ્ટીલવાળાએ લીધો હતો. જિનવાણી શ્રી સમયસારજી તથા શ્રી પ્રવચનસારજીની સ્થાપના શ્રી બલુભાઈ ચુનીલાલ શાહ તથા શ્રી ભૂરમલ ભભૂતમલ ભંડારીના હસ્તે કરવામાં આવી હતી. જિનમંદિરની નીચે આવેલા શ્રી કુંદકુંદ કહાન સ્વાધ્યાય ભવનનું ઉદ્‌ઘાટન શેઠ શ્રી લાલચંદ હીરાચંદ દોશી દ્વારા તથા શ્રી સરસ્વતી ભંડારનું ઉદ્‌ઘાટન શ્રી શ્રેંયાસપ્રસાદ શાહુ જૈન દ્વારા થયું હતું. સ્વાધ્યાય ભવનમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ, શ્રી ગુરુદેવ તથા ભગવતી પૂજ્ય ચંપાબેનના વિશાળ તૈલીચિત્રની અનાવરણવિધિ ધામધૂમથી કરવામાં આવી હતી. જિનમંદિરના દર્શન–પૂજન હોલનું ઉદ્‌ઘાટન શ્રી રતનલાલજી ગંગવાલના હસ્તે થયું હતું.

રાત્રે અત્રેના ટેલીવિઝનનાં સમાચારમાં ભગવાનની સ્થાપના પ્રસંગના કેટલાક દ્રશ્યો બતાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ આ પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવના સમાપનરૂપે ઇન્દ્ર–ઇન્દ્રાણીઓ તથા જાપમાં બેસેલા ભાઈઓ સહિત પ્રતિષ્ઠાચાર્ય પંડિત શ્રી ધન્નાલાલજી ગ્વાલિયર દ્વારા

શાંતિયજ્ઞ કરાવવામાં આવ્યો હતો. એ રીતે મદ્રાસશહેરમાં ખૂબ જ ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં શાંતિથી નિર્વિઘ્નપણે, “શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનબિંબ–પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ” ઉજવાયો હતો, જેમા હજારો ગુજરાતી–મદ્રાસી મુમુક્ષુઓએ ભાગ લઈને સાનંદ ધન્યતા અનુભવી હતી.

બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીના છેલ્લા પ્રવચન બાદ તામિલભાષી બાલબોધ પાઠમાળા ભાગ–૧ શેઠ શ્રી પન્નાલાલજી ગંગવાલના હસ્તે પૂજ્ય ગુરુદેવશ્રીને અર્પણ કરવામાં આવ્યું, જેના અનુવાદક પંડિત શ્રી ભરતચક્રવર્તી જૈન તથા પંડિત શ્રી સિંહચંદ્ર જૈન છે.

ત્યારબાદ મદ્રાસ મુમુક્ષમંડળ વતી શેઠ શ્રી ભભુતમલજી ભંડારીએ પૂજ્ય ગુરુદેવશ્રીને અભિનંદ–પત્ર અર્પણ કર્યું હતું. તેમ જ અહીંના મુમુક્ષુમંડળના બહેનોએ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પણ એક અભિનંદપત્ર અર્પણ કર્યું હતું.

ઉપરોકત અર્પણવિધિ હર્ષોલ્લાસ પૂર્વક પૂરી થયા બાદ ભગવાન શ્રી મહાવીરસ્વામીના જિનાલયની સ્થાપનાની પ્રસન્નતારૂપે એક ભવ્ય રથયાત્રા મદ્રાસશહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી હતી.

મહા પાવનકારી જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવા દૂર દૂરથી હજારો ભક્તો આવ્યા હતાં જેમાં દિગંબર સમાજના અનેક પ્રતિષ્ઠિત મહાનુભવોની પણ ઉપસ્થિતિ રહી હતી. દરરોજના ભરચક કાર્યક્રમોમાં ઉપસ્થિત ભક્તવૃંદેં અતિ આનંદ–ઉલ્લાસ પૂર્વક તન–મન–ધનથી પૂરેપૂરો લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મકલ્યાણકારી પ્રવચનોથી મંત્રમુગ્ધ બનેલા જિજ્ઞાસુઓ પ્રતિષ્ઠિાવિધિ દેખીને તેમ જ શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન ભજનમંડળી ઘાટકોપરના સાંસ્કૃતિક કાર્યક્રમોથી તથા પંડિત શ્રી ખીમચંદભાઈ શેઠ, પંડિત શ્રી લાલચંદભાઈ મોદી, પંડિત શ્રી ડો. હુકમચંદજી ભારિલ્લ, પંડિત શ્રી બાબુભાઈ મહેતા, પંડિત શ્રી નેમિચંદજી પાટણી, પંડિત શ્રી જ્ઞાનચંદજી વિદિશા વગેરેના પ્રવચનોથી પ્રભાવિત થયા હતા. ઘાટકોપર ભજનમંડળીના કાર્યક્રમો અતિ પ્રસંશનીય રહ્યાં હતાં.

એ રીતે મદ્રાસ શહેરના આંગણે ઉજવાયેલો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ આનંદ પૂર્વક સમાપ્ત થયો હતો.

[ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવના ભક્તિભાવયુક્ત પાવનકારી પ્રસંગો જીવોને ધર્મસન્મુખ કરનાર હોવાથી તથા સૌરાષ્ટ્ર ગુજરાત આદિના સેંકડો માઈલ દૂરના અનેક જિજ્ઞાસુઓ નહીં પહોંચી શકવાથી તેઓની જિજ્ઞાસા સંતોષવા શક્યતઃ અહેવાલ અત્રે રજુ કરવામાં આવ્યો છે. ]

## વૈરાગ્ય સમાચારઃ-

* રૂક્ષ્મણીબેન મનમોહનદાસ ગાંધી, મુંબઈ (ઉ. વ. ૬૨), તા. ૭–૨–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ ઘણો વખત રહીને પૂ. ગુરુદેવશ્રીની અમૃતવાણીનો લાભ લેતા હતા.

* જયાકુવરબેન અમીચંદ કામદાર ગઢડાવાળા (ઉ. વ. ૭૯) હાલ મદ્રાસ, તા. ૨–૨–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જેઠમલજી જૈન નારાયણગઢવાળા (ઉ. વ. ૭૪), તા. ૨૯–૧–૭૮ ના રોજ જિનમંદિરમાં પૂજન કરતા કરતા સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ લગભગ ૨૦ વર્ષોથી પ્રૌઢ ક્લાસ વખતે સોનગઢ આવતા હતા.

* મહેશકુમાર મનુભાઈ સોજીત્રાવાળા (ઉ. વ. ૧૯) જામનગર મુકામે કોલેજમાં અભ્યાસ કરતા હતા. તેઓ નિમુનીયાની એક અઠવાડીયાની બિમારીમાં તા. ૨૨–૭–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદ નિવાસી શ્રી ખીમચંદભાઈ સુખલાલ કામદાર (ઉ. વ. ૭૨) તા. ૨૩–૨–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સ્વ. પુનમભાઈ ફોટોગ્રાફર મુંબઈવાળાના ધર્મપત્નિ શ્રી નલીનીબેન (ઉ. વ. ૪૦ લગભગ) તા. ૫–૩–૭૮ ના રોજ હેમરેજ થતાં સ્વર્ગવાસ પામ્યા છે. તા. ૨ તથા ૩–૩–૭૮ ના રોજ મુંબઈમાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન આદિનો ખૂબ જ ભક્તિથી લાભ લીધો હતો.

* વીંછીયાના રહીશ (હાલ કોચીન) રતીલાલ કસ્તુરચંદ ડગલીના ધર્મ પત્નિ રંભાબેન (ઉ. વ. ૭૦) તા. ૩–૩–૭૮ ના રોજ મદ્રાસ મુકામે હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ કોચીનથી મદ્રાસ પ્રતિષ્ઠા ઉપર તથા પૂ. ગુરુદેવશ્રીના દર્શન પ્રવચન આદિનો લાભ લેવા માટે ખાસ આવેલ હતા.

* ડો. કાંતિલાલ લીલાધર મહેતા જામનગરવાળા (ઉ. વ. ૬૬) તા. ૧૧–૩–૭૮ ના રોજ હૃદય રોગના હુમલાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ બે માસ પહેલાં જ સોનગઢ કેટલાક દિવસ રહીને પૂ. ગુરુદેવશ્રીની અમૃત વાણીનો લાભ લીધો હતો અને જામનગર મંડળના આગેવાન સભ્ય હતા.

* સુરેન્દ્રનગર નિવાસી શ્રી લાલચંદ રૂગનાથ નાગનેશવાળા (ઉ. વ. ૮૭) તા. ૧૨–૩–૭૮ ના સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ૨૫ વર્ષથી ત્યાંના વાંચનકાર હતા.

સદ્ગત આત્માઓ દેવ–શાસ્ત્ર–ગુરુના પ્રતાપે આત્મોન્નતિ પામો.

# * પ્રવચન-પ્રચાર-યોજના *

સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીના બન્ને વખતના પ્રવચનો નિયમિત રીતે ટેપ થઈ રહ્યાં છે. જે કોઈ જિજ્ઞાસુને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનની ટેપ ઉતરાવવી હોય તેમને મુંબઈવાળા શાહ ચીમનલાલ હીમંતલાલ સ્ટીલવાળા તરફથી વૈશાખ સુદ બીજ ૮૯ મી જન્મજયંતિથી વૈશાખ સુદ બીજ ૯૦ મી જન્મજયંતિ સુધી એક વર્ષ માટે વિના મૂલ્યે ઉતારી આપવામાં આવશે.

**ટેપરીલ તથા કેસેટ મોકલવાનું એડ્રેસ :**

ટેપ-રેકોર્ડિંગ-વિભાગ
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

---

## આત્મધર્મ માસિક-પત્ર સંબંધી માહિતી

પ્રકાશન સ્થાન–શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ).
પ્રકાશન તારીખ–દરેક માસની પહેલી તારીખ.
પ્રકાશક–શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.
મુદ્રક–મગનલાલ જૈન, અજિત મદ્રણાલય, સોનગઢ.
સંપાદક–નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ.
તંત્રી–પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર, ભાવનગર.
રાષ્ટીયતા–ભારતીય.
માલિક–શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.

–વ્યવસ્થાપક ( –મેનેજર )
તા. ૧–૪–૭૮ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.

પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાસ્થ્ય સારું છે. મદ્રાસ, બેંગલોર તથા હૈદ્રાબાદનો પ્રવાસ કરીને મુંબઈમાં સુખશાંતામાં બિરાજી રહ્યાં છે.

( બહેનશ્રીનાં વચનામૃત......... ટાઈટલ ૨ થી ચાલુ )

* આત્મા તો ચૈતન્યસ્વરૂપ, અનંત અનુપમ ગુણવાળો ચમત્કારિક પદાર્થ છે. જ્ઞાયકની સાથે જ્ઞાન જ નહિ, બીજા અનંત આશ્ચર્યકારી ગુણો છે, જેનો કોઈ અન્ય પદાર્થ સાથે મેળ ખાય નહિ. નિર્મળ પર્યાયે પરિણમતાં, જેમ કમળ સર્વ પાંખડીએ ખીલી ઊઠે તેમ, આત્મા ગુણરૂપ અનંત પાંખડીએ ખીલી ઊઠે છે.

* જેને ચૈતન્યદેવનો મહિમા નથી તેને અંદર વસવાટ કરવો દુર્લભ છે.


* હે શુદ્ધાત્મા! તું મુક્તસ્વરૂપ છો. તને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરાવર્તનોથી છુટાય છે, માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો. તારા પર એકધારી દ્રષ્ટિ રાખવાથી, તારા શરણે આવવાથી, જન્મમરણ ટળે છે.

* વાણીથી અને વિભાવોથી જુદું છતાં કંથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું જે ચૈતન્યતત્ત્વ તેની અગાધતા, અપૂર્વતા, અચિંત્યતા ગુરુ બતાવે છે. શુભાશુભ ભાવોથી દૂર ચૈતન્યતત્ત્વ પોતામાં વસે છે એવું ભેદજ્ઞાન ગુરુવચનોથી કરી જે શુદ્ધદ્રષ્ટિવાળો થાય તેને યથાર્થ દ્રષ્ટિ થાય, લીનતાના અંશ વધે, મુનિદશામાં વધારે લીનતા થાય અને કેવળજ્ઞાન પ્રગટી પરિપૂર્ણ મુક્તિપર્યાય પ્રાપ્ત થાય.

* વિભાવોમાં અને પાંચ પરાવર્તનોમાં ક્યાંય વિશ્રાંતિ નથી. ચૈતન્યગૃહ જ ખરું વિશ્રાંતિગૃહ છે. મુનિવર તેમાં વારંવાર નિર્વિકલ્પપણે પ્રવેશી વિશેષ વિશ્રામ પામે છે. બહાર આવ્યા–ન આવ્યા ને અંદર જાય છે.

* સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો. તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ કચરો કાઢતાં ઓછો વખત લાગે, મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે; પરંતુ બંને વહેલામોડા બધો કચરો કાઢી કેવળજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરશે જ.

* એક ચૈતન્યને જ ગ્રહણ કર. બધાય વિભાવોથી પરિમુક્ત, અત્યંત નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર, તેમાં જ લીન થા, એક પરમાણુમાત્રની પણ આસક્તિ છોડી દે.



પૂજ્ય ગુરુદેવશ્રીના મદ્રાસના આગમનને પોતાનું સૌભાગ્ય સમજીને, તેઓશ્રીની ભવતાપહારિણી આધ્યાત્મિક વાણીનો લાભ લઈને, પૂજ્ય ગુરુદેવશ્રીનાં આગમનને વધાવતું સ્વાગત–પ્રવચન કરીને, જીવન સફળ કરવાના આશીર્વાદ માંગતા તામિલનાડુ રાજયના નામદાર ગવર્નરશ્રી પ્રભુદાસભાઈ પટવારી.

તંત્રી : પુરુષોતમદાસ શિવલાલ કામદાર
વીર સં. ૨૫૦૪, એપ્રીલ( લવાજમ છ રૂપિયા ) વર્ષ ૩૫ : અંક ૫



પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૩૫૦૦